સુવિચાર
''ગૂગલ આપણે જ્યાં જવું છે ત્યાં લઈ જાય છે, જ્યારે 'શ્રીમદ્ ભાગવતગીતા' આપણે જ્યાં જવું જોઈએ ત્યાં લઈ જાય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૧/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.





તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ મહા સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૦૩૮

### સાવરકુંડલાનાં કેવડાપરા વિસ્તારમાં રહેણાંક મકાનમાં કારસ્તાન ચાલતુ હતું

# ગરીબોનાં હકકનાં અનાજનો કાળો કારોબાર ઝડપાયો

- એક તરફ દેશમાં કરોડો પરિવારોની આર્થિક હાલત ખરાબ હોય સરકાર મફતમાં અનાજ આપી રહી છે
- ગરીબોનાં હકક હિસ્સાનાં અનાજને ઊંચા ભાવે વેંચી અમુક શખ્સો અમીર બનવાનો કરે છે પ્રયાસ
- નાયબ મામલતદારે ટીમ સાથે ચેકિંગ કરી ૧.૧૯ લાખનો અનાજનો જથ્થો ઝડપી લીધો
- જો સમગ્ર જિલ્લામાં તટસ્થ તપાસ થાય તો વ્યાપક પ્રમાણમાં કૌભાંડ ઝડપાઈ શકે તેમ છે



અમરેલી, તા. ૨૭
દેશમાં કાળઝાળ મોંઘવારી, ભીષણ બેરોજગારી વચ્ચે દેશમાં કરોડો વ્યક્તિઓને ભૂખ્યા સુવન પડે તે માટે કેન્દ્ર સરકાર દર મહિને મફતમાં ઘઉં, ચોખાનો જથ્થો આપી રહી છે અને આ મફતનાં અનાજનો કાળો કારોબાર કરીને અમુક શખ્સો અમીર બનવા માટેનો પ્રયાસ કરતાં જોવા મળી રહ્યા છે અને આવો એક કિસ્સો સાવરકુંડલામાંથી પ્રકાશમાં આવેલ છે.
સાવરકુંડલા શહેરમાં આવેલ કેવડાપરા વિસ્તારમાં ગાયત્રી મંદિર પાછળ આવેલ એક ઘરમાંથી અનાજનો અનઅધિકૃત જથ્થો અંદાજે

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાવનગર-વેરાવળ હાઈવે ઉપરની ઘટના

## રાજુલાનાં હિંડોરણા ગામનાં બાઈક સવારને અજાણ્યા વાહનચાલકે હડફેટે લીધા

અમરેલી, તા. ૨૭
રાજુલા તાલુકાના હિંડોરણા ગામે રહેતાં મનસુખભાઈ તા. ૨૫ના રોજ પોતાનું મોટર સાઈકલ નં. જી.જે.-૧૪ બી.ઈ.-૩૮૨૨ નું ઘરેથી લઈ મહુવા તરફ જતા હોય. ત્યારે તેઓ ભાવનગર નેશનલ હાઈવે ઉપર

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયા મોટા ગામે રહેતી પરિણીતાને

## પતિએ આડા સબંધ બાબતે મીઠો ઠપકો આપતા પત્નીએ ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૭, લીલીયાના ગાયત્રી મંદિર સામે રહેતી જયાબેન ભીખાભાઈ પરમાર નામની પરિણીતાને ગારીયાધાર ગામે રહેતાં મુકેશભાઈ પોપટભાઈ ધોળકિયા સાથે સબંધ હોય જેથી તેણીને ભીખાભાઈ તેજાભાઈ પરમારે ઘરે પરત લાવી સમજાવી ઘર મેળે મીઠો ઠપકો આપતા તેણીને લાગી આવતા ગત તા. ૨૬ના રોજ બપોરનાં ર વાગ્યે લીલીયા ગામે પોતાના ઘરે હુંક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સમસ્ત સગર સમાજનાં ગૌરવને હાર્દિક અભિનંદન.....

ભારતીય જનતા પાર્ટીનાં પાયાના કાર્યકર અને દરેક સમાજને મદદરૂપ થવાની ભાવના ધરાવતા ચિત્તલ ગામનું તેમજ સમસ્ત સગર સમાજનું ગૌરવ તથા ગ્રામ પંચાયતમાં સતત ત્રણ વાર તેમજ તાલુકા પંચાયતમાં સતત ત્રણ વાર અને જિલ્લા પંચાયતમાં વિવિધ પદો પર રહી અવિરતપણે પોતાની સેવા જેમણે આપી છે એવા **શ્રી સુરેશભાઈ પાથર** ની અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વરણી થતા સમસ્ત સગર સમાજ હર્ષભેર ગૌરવની લાગણી અનુભવીએ છીએ. **શ્રી સુરેશભાઈ પાથર** પોતાના જીવનમાં રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે પોતાની રચનાત્મક પ્રવૃતિઓથી ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી સમસ્ત સગર સમાજની અંતઃકરણ પુર્વકની શુભેચ્છાઓ....




શ્રી સુરેશભાઈ પાથર ( પ્રમુખશ્રી અમરેલી જિલ્લા પંચાયત)

શુભેચ્છક : સમસ્ત સગર સમાજ પરિવાર


બીનાબેન વિશાલભાઈ કાલેણા (ઉપપ્રમુખશ્રી અમરેલી નગર સેવા સદન)
ધર્મેશભાઈ અજાણી (ઉપપ્રમુખશ્રી અમરેલી શહેર ભાજપ)
સંજયભાઈ લાખાણી (સરપંચશ્રી કુંકાવાવ ગ્રામ પંચાયત)
મનસુખભાઈ અજાણી (પ્રમુખશ્રી સગર સમાજ-જુનાગઢ)
મનસુખભાઈ ગોહીલ (પ્રમુખશ્રી સમુહ લગ્ન સમિતિ)
નિતાબેન સુરેશભાઈ પાથર (સરપંચશ્રી ચિતલ ગ્રામ પંચાયત)
દલપતભાઈ ચાવડા (પ્રમુખશ્રી સમસ્ત સગર સમાજ) ભગીરથ ધામ-વરસડા
સંજયભાઈ ગોહીલ (પ્રમુખશ્રી સગર સમાજ- અમદાવાદ)
દિલીપભાઈ ભેસાણીયા (પ્રમુખશ્રી જય ભગીરથ યુવા ગ્રુપ)
રમેશભાઈ દામાણી (પ્રમુખશ્રી સગર સમાજ- સુરત)
સમસ્ત સગર સમાજ યુવા ગ્રુપ-અમરેલી (ભગીરથધામ-વરસડા)
હિતેનભાઈ ભેસાણીયા-અમદાવાદ
પ્રતાપભાઈ બેલડીયા (પ્રમુખશ્રી સગર સમાજ-રાજકોટ)
નાનજીભાઈ પાથર (પ્રમુખશ્રી સગર સમાજ)
ડાયાભાઈ વિરાણી (પ્રમુખશ્રી સગર સમાજ-બીલખા)
જગદીશભાઈ મુંગલપરા (પ્રમુખશ્રી સગર સમાજ- ગોંડલ)
દલસુખભાઈ થાવાણી (પ્રમુખશ્રી સગર સમાજ- હમાપુર)

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મનિષભાઈ ભાલુ ( શ્રી જવેલર્સ-અમરેલી ) | કલ્પેશભાઈ પાથર ( મીત ડાયમંડ-અમરેલી ) | મનસુખભાઈ ઢાવર | હિતેષભાઈ ભેસાણીયા | જગદીશભાઈ ગોહીલ | ધીરૂભાઈ કાલેણા | ઘનશ્યામભાઈ કણક | જીજ્ઞેશભાઈ રાઠોડ | ભુપતભાઈ રાઠોડ | હરિભાઈ વસાવડા | ચતુરભાઈ માંડાણી | રસીકભાઈ પાથર | રાજેશભાઈ તેજાણી |
| દિપકભાઈ બુટાણી | કલ્પેશભાઈ ધંધુકીયા | પોપટભાઈ દામાણી | પ્રાગજીભાઈ બુટાણી | બાલુભાઈ ગળથીયા | કનુભાઈ ગોહીલ ( ચિતલ ) | બાબુભાઈ ગોહીલ ( ચિતલ ) | પરબતભાઈ પાથર ( ચિતલ ) | રાજુભાઈ વાળા ( ચિતલ ) | ખીમજીભાઈ પાથર ( ચિતલ ) | નારાયણભાઈ સગર ( પાનસડા ) | લક્ષ્મણભાઈ ગળથીયા ( મોટા ખીજડીયા ) | ધીરૂભાઈ ભેસાણીયા ( ચમારડી ) |
| પ્રવિણભાઈ લાલૈયા ( ચમારડી ) | પીયુશભાઈ અજાણી ( બાબરા ) | સંજયભાઈ અજાણી ( બાબરા ) | રમેશભાઈ ભાલુ ( બાબરા ) | શૈલેષભાઈ પાથર ( બાબરા ) | પ્રદિપભાઈ ગોહીલ ( નાના માચીયાળા ) | અરવિંદભાઈ ઢાવર ( નાના માચીયાળા ) | ભગવાનભાઈ પાથર ( નાના માચીયાળા ) | વજુભાઈ દામાણી ( નાના માચીયાળા ) | ચંદુભાઈ વસાવડા ( ગીરીયા ) | ઘનશ્યામભાઈ ગંગેરા ( ગીરીયા ) | હરીભાઈ પાથર ( અમરાપુર ) | વિઠલભાઈ ગોહીલ ( અમરાપુર ) |
| કૌશિકભાઈ ગળથીયા ( નવા ખીજડીયા ) | અલ્પેશભાઈ ગળથીયા ( નવા ખીજડીયા ) | વિઠલભાઈ પાથર ( નવા ખીજડીયા ) | રતિલાલભાઈ પાથર ( નવા ખીજડીયા ) | બીપીનભાઈ ગોહીલ ( રાજકોટ ) | વિપુલભાઈ લોટા ( રાજકોટ ) | ગીરધરભાઈ પાથર ( રાજકોટ ) | સંજયભાઈ ગોહીલ ( રાજકોટ ) | સંજયભાઈ ગળથીયા ( કુંકાવાવ ) | ધર્મેશભાઈ ભાલુ ( કુંકાવાવ ) | કરશનભાઈ ગોહીલ ( શેડુભાર ) | કાળુભાઈ ગોહીલ ( દેવરાજીયા ) | વિનુભાઈ બુટાણી ( દેવરાજીયા ) |
| ધીરૂભાઈ મુંગલપરા ( અમદાવાદ ) | જયેશભાઈ બેલડીયા ( અમદાવાદ ) | રમેશભાઈ ગોહીલ ( અમદાવાદ ) | મહેશભાઈ ગોહીલ | વિવેકભાઈ ગળથીયા | કનુભાઈ દામાણી | ઘનશ્યામભાઈ ગળથીયા | પ્રવિણભાઈ ( પ્રમુખશ્રી-સાવરકુંડલા ) | દુર્લભજીભાઈ ગોહીલ | ગોવિંદભાઈ કારેણા ( સાવરકુંડલા ) | વિનુભાઈ ભાડ ( રઘુવીર પાન ) | કીલાભાઈ ભાડ ( રઘુવીર પાન ) | ગીરીશભાઈ રજવાડી ( રજવાડી પેંડા ) |

### અજાણ્યા વાહનચાલકે હડફેટે લેતા

# જાફરાબાદનાં બાલાની વાવ ગામ નજીક માર્ગ અકસ્માતમાં દીપડીનું મોત થયુ

## અગાઉ પણ એક સિંહનું માર્ગ અકસ્માતમાં મોત થયેલ



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાંથી પસાર થતાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદના બાલાની વાવ પાસે એક અકસ્માતમાં એક દીપડીનું મોત નિપજયુ હતું. આ બનાવની જાણ વનવિભાગને થતાં વનવિભાગ ઘટના સ્થળે પહોંચી જઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી મૃતક દીપડીના શબને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયું હતું. જયારે અકસ્માત કરી નાશી છૂટેલાં અજાણ્યા વાહન ચાલકની વનવિભાગ દ્વારા શોધખોળ શરૂ કરી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદના બાલાની વાવ પાસે સોમવારે વ્હેલી સવારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાના હવાલાવાળું વાહન ફુલ સ્પીડથી અને બેદરકારી રીતે ચલાવી અને એક દીપડીને હડફેટ લઈ આ વાહન અકસ્માતમાં એક દીપડીનું ગંભીર ઈજાથી મોત નિપજયુ હતું.

આ બનાવની જાણ વનવિભાગને કરવામાં આવતાં વનવિભાગ ઘટના સ્થળે પહોંચી જઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી મૃતક દીપડીના શબને બાબરકોટ એનિમલકેર સેન્ટર ખાતે ખસેડાયું હતું. જયારે અકસ્માત કરી નાશી છૂટેલાં અજાણ્યા વાહન ચાલકની વનવિભાગ દ્વારા શોધખોળ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓનો મોટો વસવાટ રહેતો હોય છાશવારે રોડ અકસ્માતમાં વન્ય પ્રાણીઓનો વાહન હડફેટે આવી જવાના કારણે ગીરની ધરોહર સમાન વન્ય પ્રાણીઓનાં મોત નિપજે છે. ત્યારે એકાદ મહિના પહેલાં જ આ નેશનલ હાઈવે પર વાહન હડફેટે એક સિંહનો અકસ્માત સર્જાયો હતો.

### તસ્કરોએ ધાર્મિક સ્થાનોને નિશાન બનાવવાનું શરૂ કર્યુ

# લાઠીનાં માલવીયા પીપરીયા ગામે પાંચ ઈસમોએ માતાજીનાં મંદિરમાંથી ૧૩.૮૬ લાખનાં દાગીનાની કરી ચોરી

## નાના–મોટા છત્તર, સોનાનો ચેઈન, ઝાંઝર સહિતનાં મુદ્દામાલની ચોરી



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં કડકડતી ઠંડી પડી રહી છે ત્યારે લોકો ઠંડીનાં કારણે ઘરમાં ઘુસીને સુઈ જતાં હોય છે. ત્યારે આવી કડકડતી ઠંડીનો સૌથી વધુ લાભ તસ્કરો લઈ રહયાં હોય તેમ લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે આવેલ ગેલ માતાજીનાં મંદિરમાં પાંચ જેટલાં તસ્કરોએ ત્રાટકી ચાંદીનાં છતર, ઝાંઝર, ગ્લાસ તથા સોનાનો ચેઈન મળી કુલ રૂપિયા ૧૩,૮૬,૦૦૦ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે સી.સી.ટી.વી.ના ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી છે.

અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે રહેતાં હિંમતભાઈ બાબુભાઈ માલવીયા નામના ૫૧ વર્ષીય ખેડુતના ગેલ માતાજીનાં મંદિરમાં ગત તા. ૨૬ના રાત્રીના ૧:૧૩ થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈ પાંચ અજાણ્યા ચોર ઈસમે મંદિરમાં પ્રવેશ કરી મંદિરના ગર્ભગૃહના મુખ્ય દરવાજાનો અંદરનો લોક તોડી ગર્ભગૃહમાં પ્રવેશ કરી ગેલ માતાજીની મુર્તિ ઉપર ચડાવેલ ચાંદીના નાના–મોટા છત્તર નંગ–૪ જેમાં એક છત્તર આશરે આઠ કિલોગ્રામ જેની કિંમત રૂપિયા ૧૦,૪૦,૦૦૦ તેમજ ત્રણ છત્તર આશરે દોઢેક કિલો જેની કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦ તથા સોનાનો ચેઈન જેનું વજન આશરે દોઢેક તોલાનો જેની આશરે કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦ તેમજ ચાંદીના ઝાંઝર જેનું વજન આશરે ૧૦૦ ગ્રામ જેની આશરે કિંમત રૂપિયા ૧૩,૦૦૦ તેમજ માતાજીની મુર્તિ આગળ રાખેલ ચાંદીના ગ્લાસ–૨ જેનું વજન આશરે ૧૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૩,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૩,૮૬,૦૦૦ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે સી.સી.ટી.વી.ના ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી છે.

### ભય, ભુખ અને ભ્રષ્ટાચાર નાબુદ કરવાનાં માહોલમાં ભ્રષ્ટાચારની બદબુ

# લીલીયા મોટા ખાતે જનતાનાં પરસેવાના કરોડો રૂપિયાનાં પૈસાની ચાલતા ભૂગર્ભ ગટરનાં કામમાં દે ધનાધન

## સરપંચ, 'આપ' સહિતનાં આગેવાનોની તાલુકા વિકાસ અધિકારીને રજુઆત



લીલીયા, તા.૨૭

લીલીયા શહેરની પાછલા એક દાયકા ઉપરાંતના સમયથી માઠી બેઠી હોય તેમ લોકો ભૂગર્ભ ગટર યોજના હોય કે નલ સે જલ યોજના હોય તેની કામગીરીને લઈ ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે અને શાસક પક્ષના નેતાઓના પેટનું પાણી હલતું નથી.

શહેરમાં સને ૨૦૧૪ કરોડો રૂપિયાના ખર્ચે અધુરી તૈયાર થયેલ ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ કરી દેવામાં આવેલ તેને લઈ ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ભૂગર્ભ ગટરમાં થયેલ વ્યાપક પ્રમાણમાં થયેલ ગેરરીતિને લઈ અનેક વાર ગ્રામજનોએ ઉગ્ર આંદોલન કર્યા સ્થાનિક વેપારીઓએ નામદાર હાઈકોર્ટમાં પી.એલ.આઈ પણ દાખલ કરેલ તેના પરિણામે ફરી ભૂગર્ભ ગટરના રીપેરીંગ કામ માટે રૂપિયા ૧૧ કરોડ જેવી માતબર રકમ મંજુર થઈને આવતા શાસક પક્ષના સત્તાધીશોએ ભૂમિ પૂજન ખાતમુહૂર્ત કરી સંતોષ માની લીધો હોય તેમ વર્તમાન સમયમાં નાવલી બજારમાં ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે તેને લઈ અનેક ફરિયાદો ઉઠવા છતાં કોઈ જવાબદાર અધિકારી કે પદા અધિકારીઓ એ દરકાર ન કરતા આજે બપોર ના સમયે સ્થાનિક સરપંચ વિજયભાઈ શેખલીયા ગ્રામ પંચાયત સદસ્યો અને આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણી મહામંત્રી રાજુભાઈ ગરાણીયા અને વેપારીઓ ગ્રામજનો ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે તેમાં બનાવવામાં આવતી કુંડીઓની નબળી કામગીરી જોઈ સ્થાનિક ટીડીઓ કિશોરભાઈ આચાર્યને નબળી કામગીરી ચાલી રહી હોવાની રજૂઆત કરતા ટીડીઓ કામના સ્થળે દોડી આવતા સ્થાનિક લોકોએ નબળી કામગીરી થઈ રહી છે તેની સામે પગલાં ભરવા માગણી કરી હતી.

આમ આદમી પ્રમુખ વિજયભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે સરકારના તમામ ધારા ધોરણે નેવે મૂકી ભૂગર્ભ ગટર કામગીરી ચાલી રહી છે તેને લઈ જવાબદારો સામે પગલાં ભરવા માંગ કરી હતી સ્થાનિક ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાએ જણાવ્યું હતું કે નાવલી બજારમાં પાણીનું વહેણ હોય તેને લઈ આર.સી.સી કુંડીઓ બનાવી જોઈએ અને ભૂગર્ભ ગટર ની કામગીરી નબળી ચાલી રહી છે તેને અટકાવવી જોઈએ ટી.ડી.ઓ કિશોરભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે સ્થાનિક લોકોની ભૂગર્ભ ગટરની કામગીરી નબળી ચાલી રહી છે તે ફરિયાદ મળતા સ્થળ પર દોડી ગયેલ વી.સી ચાલુ થવાની હોય તેને લઈ કોઈ સૂચના કામ પરઆપેલ ન હતી.

### દેશભકિત અને સંસ્કારોના સંગમ સાથે તિરંગો લહેરાયો

# બાબરા : ચમારડીના આંગણે તાલુકા કક્ષાનો ૭૭મો પ્રજાસત્તાક પર્વ સંપન્ન

## મામલતદાર એ.વી. મકવાણાએ તિરંગાને સલામી આપી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

દેશભકિતના જજબા અને રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે બાબરા તાલુકાના ચમારડી ગામે આવેલી જનતા વિદ્યાલયના પટાંગણમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની તાલુકા કક્ષાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ ગરિમામય અવસરે બાબરાના મામલતદાર એ.વી. મકવાણાના હસ્તે ગૌરવભેર ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ તકે બાબરા પોલીસ દળ દ્વારા શિસ્તબદ્ધ પરેડ યોજી તિરંગાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું, જેને જોઈ ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો જુવાળ ઉમટ્યો હતો.

ધ્વજવંદન બાદ મામલતદાર મકવાણાએ પ્રજા જોગ પ્રેરક સંબોધન કરતા દેશના બંધારણ અને લોકશાહીના મૂલ્યોની મહત્તા સમજાવી હતી. આ પવિત્ર અવસરે પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય પર્વની આ ઉજવણીમાં ગામની વિવિધ શાળાઓના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓએ દેશભકિતના ગીતો તેમજ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ભવ્ય સમારોહમાં સરદાર પ્રેમી ગોપાલભાઈ ચમારડી, સરપંચ જીવનભાઈ પીઢડિયા, જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ લલીતભાઈ આંબલિયા તેમજ તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ ગ્રામ પંચાયતના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ, તાલુકાની વિવિધ કચેરીઓના ઉચ્ચ અધિકારીઓ, સ્ટાફ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહી તિરંગાનું સન્માન વધાર્યુ હતું. સમગ્ર કાર્યક્રમ દેશભકિતના નાદ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

### શાળાના મેનેજિંગ ટ્રસ્ટી કલ્પેશ ભુવા દ્વારા ધ્વજવંદન

# બાબરામાં પરિશ્રમ સ્કૂલમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

## મામલતદાર એ.વી. મકવાણાએ તિરંગાને સલામી આપી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરામાં પરિશ્રમ સ્કૂલ ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિનની અત્યંત ઉત્સાહપૂર્વક અને દેશભકિતના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવાના હસ્તે ગરિમાપૂર્ણ રીતે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

ધ્વજવંદન બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભકિત સભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં દેશભકિત ગીતો, વેશભૂષા અને નાટકો દ્વારા શહીદોની શહાદતને યાદ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિદ્યાર્થીઓમાં રહેલી રાષ્ટ્રભાવના અને કલાશકિતને નિહાળી સૌએ તેમને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવાએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, "આપણો દેશ આજે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે દરેક વિદ્યાર્થીએ શિક્ષણની સાથે સાથે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું યોગદાન આપવું જોઈએ." તેમણે બંધારણના મહત્વ અને નાગરિકોની ફરજો વિશે પણ સુંદર માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અંતમાં ઉપસ્થિત સૌના મુખે ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારાથી શાળાનું ગુંજી ઉઠ્યું હતું.

### એક તરફ દિવસ–રાત આકાશમાં ધબધબાટી બોલાવતા ટચુકડા વિમાન વચ્ચે

# અમરેલીમાં સિંહ, દીપડા, શ્વાન, આખલાની સમસ્યા વચ્ચે હવે, ઠેબી ડેમ કાંઠે ભુંડનું થયું આગમન

## શહેરની દોઢ લાખ જનસંખ્યા માટે જનજીવન અગ્નિપથ સમાન બન્યુ



અમરેલી, તા. ૨૭

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક છે અને આ શહેરની કઠણાઈ શરૂ થઈ હોય તેમ એક પછી એક સમસ્યા વિકરાળ બની રહી છે. એક તરફ ચારે દિશામાં આડેધડ બનતા માર્ગોથી સૌ પરેશાન છે. તો શહેર આસપાસ સિંહ, દીપડા જેવા ખુંખાર પ્રાણીઓની અવર–જવર વધી છ.

બીજી તરફ શહેરમાં રખડુ શ્વાને પરેશાની વધારી દીધી છે. શહેરમાં અનેક વ્યકિતઓને રખડુ શ્વાને બચકા ભર્યા હોય પલિકા દ્વારા શ્વાનના રસીકરણની કામગીરી શરૂ થઈ હોવાનો દાવો કરાયો છે. પરંતુ બંધ બારણે રસીકરણ થતું હોય તેમ શહેરીજનોને કયાંય રસીકરણની કામગીરી થતી હોય તેવું જોવા મળતું નથી અને રખડતા ગૌ–વંશ, ઠેકઠેકાણે ગંદકી, બંધ સ્ટ્રીટ લાઈટ અને આકાશમાં દિવસ–રાત બઘડાટી બોલાવતા ટચુકડા વિમાનથી શહેરીજનો તોબા પોકારી ચુકયા છે.


અધુરામાં પુરૂ હોય કરવું હોય તેમ શહેરના પાદરમાં આવેલ ઠેબી જળાશય નજીક થોડા દિવસોથી ભુંડનું એક ટોળુ ચક્કર મારતું હોય શહેરીજનોનું જીવન આજે અગ્નિપથ સમાન બન્યું છે.

જો કે શહેરીજનોમાં અપાર સહનશકિત અને અખુટ ધીરજ હોવાથી પદાધિકારીઓ કે અધિકારીઓને લોકશાહી શાસનમાં લોકોની કોઈ ચિંતા થતી નથી તે હકીકત છે.

### આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીનાં ફતેપુર માર્ગ ઉપર ગંદકીનાં ગંજ દુર કરવા માંગ કરાઈ

### ધાર્મિક સ્થળ નજીકમાં જ હોય ગંદકી હટાવો



અમરેલી, તા. ૨૭

અમરેલી આમ આદમી પાર્ટીના પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા દ્વારા જિલ્લા કલેક્ટર તથા નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી, જેમાં અમરેલીથી ફતેપુર જતા મુખ્ય માર્ગની બાજુમાં થયેલા ગેરકાયદેસર કચરાના ઢગલા અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી. અમરેલી તાલુકાના ફતેપુર ગામ પાસે, અમરેલી-ફતેપુર રોડની બાજુમાં નગરપાલિકા તથા અન્ય તત્વો દ્વારા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રીતે કચરો ફેંકવામાં આવ્યો છે. જેના કારણે સમગ્ર વિસ્તાર ગંદકીથી ભરાયો છે, દુર્ગંધયુકત અને ઝેરી વાતાવરણ ઊભું થયું છે તેમજ જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો સર્જાયો છે.

આ વિસ્તારમાં વરસાદી તથા ગટરનું પાણી રોડ પર ભરાઈ જાય છે, જેના કારણે ચેપજન્ય રોગચાળાનો ભય વધી રહ્યો છે. ખાસ કરીને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની આસપાસ કચરો અને ગંદુ પાણી ભરાવાના કારણે મચ્છરોનો ભારે ઉપદ્રવ છે અને સ્થાનિક નાગરિકો બીમારીનો ભોગ બની રહ્યા છે.

આ ઉપરાંત ફતેપુર ગામે આવેલા ભોજલરામ બાપાના મંદિર જે આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે, ત્યાં રોજે રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. ટૂંક સમયમાં મંદિર ખાતે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે, જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો હાજર રહેશે. તેમ છતાં આજદિન સુધી તંત્ર દ્વારા આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે કોઈ અસરકારક પગલાં લેવાયા નથી.

આમ આદમી પાર્ટી દ્વારા માંગણી કરવામાં આવી છે કે ગેરકાયદેસર કચરાનો ઢગલો તાત્કાલિક દૂર કરવામાં આવે, યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા ઉભી કરી ગંદુ પાણી રોકવામાં આવે, મચ્છરજન્ય રોગચાળા અટકાવવા તાત્કાલિક દવાઓનો છંટકાવ કરવામાં આવે, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવે, તેમજ ભોજલરામ બાપાના મંદિર તરફ જતા માર્ગને ગ્રીન કોરિડોર તરીકે વિકસાવવામાં આવે.

આ રજૂઆત સમયે આમ આદમી પાર્ટીના જેડી કથીરીયા, હરેશભાઈ માધડ, કિરણભાઈ તથા મિલનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લા દ્વારા તંત્રને ચેતવણી આપવામાં આવી છે કે જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો જાહેર આરોગ્ય અને ધાર્મિક આસ્થાના હિતમાં લોકઆંદોલન કરવાની ફરજ પડશે.

"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### લગ્ન પ્રસંગનાં ખુશનુમાં માહોલ વચ્ચે માથાકૂટ થઈ

# ધારીનાં ખીસરી ગામે જમણવારમાં રોટલી બાબતે જાનૈયાઓ અને માંડવીયા વચ્ચે બઘડાટી બોલી

### કારને બાઈક ઉપર ચડાવવા સહિતની અનેક ઘટનાઓ બની



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં લગ્નની મૌસમ શરૂ થઈ જવાં પામેલ છે. લોકો લગ્નની મોજ માણતાં હોય છે ત્યારે ધારી તાલુકાના ખીસરી ગામે યોજાયેલ એક લગ્નમાં જાનૈયા અને માંડવીયા વચ્ચે જમણવારમાં રોટલી ઘટતા અને રોટલી વધુ આપવા બાબતે બે જુથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું થતાં અને મારી નાખવાનાં ઈરાદે બે ફોરવ્હીલ માથે ચડાવી દેવાની તથા ફોરવ્હીલથી લગ્નમાં મોટર સાયકલ લઈ આવેલાં લોકોની બહાર પડેલ મોટર સાયકલ ઉપર ચડી જવાની ઘટનામાં બંને પક્ષનાં અનેક લોકો ઘવાતા આ અંગે સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ધારી તાલુકાના ખીસરી ગામે રહેતાં બાબુભાઈ દામાભાઈ ચારોલીયાની દીકરી સોનલબેનના લગ્ન પ્રસંગમાં ગઈકાલે બપોરનાં૧:૩૦ વાગ્યાનાં સમયે ખીસરી ગામે જમણવાર ચાલુ હતો. અને તે લગ્ન પ્રસંગમાં રોટલી ઘટતા અમરેલી તાલુકાના દેવળીયા ગામે રહેતાં આરોપી અંકીતભાઈ ઉર્ફે દિનેશભાઈ વિનુભાઈ વાઘેલાએ વિપુલભાઈ દામાભાઈ ચારોલીયાને રોટલી વધુ આપવા ગાળો આપવા લાગેલ. જેથી ગાળો આપવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ અને વિપુલભાઈનું ગળુ પકડી માર મારતા વિપુલભાઈ બીઈ ગયેલ અને બાબુભાઈ દામાભાઈ ચારોલીયાના ઘર તરફ ભાગવા લાગેલ. જેથી આ બાબુભાઈ તથા અન્ય લોકો વિપુલભાઈને વધુ મારમાંથી બચાવવા સારૂ પાછળ જતા આરોપી અંકીતભાઈ ઉર્ફે દિનેશભાઈ વિનુભાઈ વાઘેલા સહિત પાંચ આરોપીઓએ એક સંપ કરી, ગેરકાયદે મંડળી રચી, પોતાના હાથમાં લાકડી અને લાકડાના ધોકા જેવા હથિયારો લઈ અને તે હથિયારો વડે કેશુભાઈને આડેધડ માર મારી કેશુભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા અન્ય લોકોને માર મારી સામાન્ય ઈજાઓ કરી હતી. ત્યારે અમરેલી તાલુકાના દેવળીયા ગામે રહેતાં આરોપી ભરત વિનુભાઈ વાઘેલાએ દીકરીનાં બાપ બાબુભાઈ દામાભાઈ ચારોલીયા તથા અન્ય લોકોને મારી નાખવાના ઈરાદે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ બોલેરો ગાડી ચાલુ કરી ફુલ સ્પીડમાં ચલાવી અને તેઓ પર ચડાવી દેતા પ્રકાશભાઈની માથે બોલેરો ફોરવ્હીલ ચડાવી દઈ તેને માથાના ભાગે ગંભીર ઈજા કરી હતી તેમજ ધારી તાલુકાના સરસીયા ગામે રહેતાં પરેશભાઈ ભનુભાઈ માથાસુળીયા નામનાં આરોપીએ પોતના હવાલા વાળી ફોરવ્હીલ ગાડી પુરઝડપે ચલાવી બાબુભાઈ તથા અન્ય લોકોને મારી નાખવાના ઈરાદે તેના ઉપર ચડાવવા જતા બહાર પડેલ મોટર સાયકલો ઉપર તેની અલ્ટો ચડી જતા તોડફોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં અમરેલી તાલુકાના દેવળીયા ગામે રહેતાં વિનુભાઈ ભગવાનભાઈ વાઘેલા નામનાં ૬૦ વર્ષીય વૃધ્ધના ભાઈના દિકરાના દિકરા મંગળુભાઈ મનીષભાઈ વાઘેલાની જાન ખીસરી ગામે આવેલ હોય અને લગ્ન પ્રસંગની જમણવારી ચાલુ હોય. ત્યારે આ વૃધ્ધ તથા તેમનાં દિકરા દિનેશભાઈ ઉર્ફે અંકીતભાઈ વધુ રોટલી લેવા માટે ગયેલ હોય. ત્યારે આરોપી વિપુલભાઈ દામાભાઈ ચારોલીયાએ દિનેશભાઈને વધુ રોટલી આપવાની ના પાડી બોલાચાલી કરી ગાળાગાળી કરવા લાગેલ અને ઢીકાપાટુના માર મારવા લાગેલ હતા જેથી આ વૃધ્ધ વચ્ચે પડી બચાવેલ હતા. ત્યારબાદ વૃધ્ધ તથા અન્ય લોકો ખીસરી ગામે પુલ ઉપર જતા રહેલ હતા. ત્યાં ધારી તાલુકાના ખીસરી ગામે રહેતાં આરોપી વિપુલભાઈ દામાભાઈ ચારોલીયા, હસમુખભાઈ દામાભાઈ ચારોલીયા, બાબુભાઈ દામાભાઈ ચારોલીયા, ભાવેશભાઈ જેહાભાઈ ચારોલીયા તથા જેહાભાઈ વાલાભાઈ ચારોલીયાએ એકસંપ કરી ગેરાકાયદે મંડળી રચી પોતાના હાથમાં લાકડી તથા લાકડાના ધોકા લઈને પુલ ઉપર જઈ આ વૃધ્ધને ડાબા કાન ઉપર લાકડીનો એક ઘા મારી દઈ ગંભીર ઈજાઓ કરેલ હતી અને દિનેશ ઉર્ફે અંકીત તથા ભરતભાઈ વિનુભાઈ તથા રોહીત ભુપતભાઈ વાઘેલા વચ્ચે પડી વૃધ્ધને વધુ મારમાંથી બચાવેલ હતા તથા અન્ય લોકોને નાની મોટી ઈજાઓ કર્યાની તથા વૃધ્ધ સહિતને જાનથી મારી નાખવાની ધકમી આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદ્દબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન MAHAJAN કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.










શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



### યુરોપથી આયાત કરાયેલો દારૂ સસ્તો થશે

# ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઇતિહાસની સૌથી મોટી ડીલનું એલાન

## બંને પક્ષોએ મોટાભાગના ઉત્પાદનો પર ટેરિફ મહદઅંશે ઘટાડી દીધો છે, ઘણી એવી વસ્તુઓ છે જેમાં ટેરિફ શૂન્ય પણ કરી દેવામાં આવ્યા

નવી દિલ્હી,તા.૨૭

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઈતિહાસની સૌથી મોટી ડીલનું એલાન થઈ ચૂક્યું છે. જેમાં બંને પક્ષોએ મોટાભાગના ઉત્પાદનો પર ટેરિફ મહદઅંશે ઘટાડી દીધો છે, ઘણી એવી વસ્તુઓ છે જેમાં ટેરિફ શૂન્ય પણ કરી દેવામાં આવ્યો છે. આ મધર ઓફ ઓલ ડીલથી ભારતના લોકોને મોટો ફાયદો થશે, અનેક વસ્તુઓ સસ્તી થશે તો વેપાર ક્ષેત્રે મોટા લાભથી શક્યતા છે.

શું થશે ફાયદો?

કેમિકલ્સઃ યુરોપિયન યુનિયનથી આવતા કેમિકલ ઉત્પાદનો પર લાગતી ૨૨% ટેરિફ નાબૂદ કરી દેવાથી, જેથી કેમિકલ ઉત્પાદનો સાથે સંલગ્ન વસ્તુઓ સસ્તી થશે. મશીનરીઃ યુરોપિયન મશીનરી પર લાગતો ૪૪ ટકા ટેરિફ દૂર કરી દેવામાં આવશે, જેનાથી કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રીયલ ઈનપુટનો ખર્ચ ઘટશે. આરોગ્યઃ મેડિકલ અને સર્જીકલ ઉપકરણોમાં ૯૦ ટકા પ્રોડક્ટ્સ પર કોઈ ટેક્સ નહીં લેવાય. જેનાથી હેલ્થકેરનો ખર્ચ ઘટશે. ભારતની જેનેરિક દવાઓ માટે ૨૭ યુરોપિયન દેશોના બજારો ખુલશે.ફાર્માસ્યુટિકલ્સઃ EU ફાર્મા ઉત્પાદનો પર લાગતા ૧૧ ટકા ટેરિફને નાબૂદ કરી દેવામાં આવ્યો વિમાન અને અંતરીક્ષ યાનઃ આ શ્રેણીમાં લગભગ તમામ ઉત્પાદનો પર ટેરિફ હટાવી દેવામાં આવ્યો જેથી ઉડ્ડયન અને અવકાશ ક્ષેત્રમાં થશે મોટો ગ્રીન એનર્જીઃ આગામી બે વર્ષમાં કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે યુરોપ ભારતને ૫૦૦ મિલિયન યુરો આપશે. ભારતમાં ગ્રીન ટેકનોલોજી અને ક્લિન એનર્જીમાં પ્રોત્સાહન આપવામાં યુરોપ મદદ કરશે. ફાઈનાન્શિયલઃ યુરોપની ફાઈનાન્શિયલ કંપનીઓમાં ભારતીયોને સરળતાથી એન્ટ્રી મળશે. બેંક્ગિંઃ મેરિટાઈમ, બેંક્ગિં, શિપિંગ સેવાઓ સસ્તી થશે.

ઈલેક્ટ્રોનિકઃ આ ક્ષેત્રે ટેરિફ ઘટતા હવે મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક વસ્તુઓ સસ્તી થશે

સ્ટીલ અને રાસાયણિક ઉત્પાદનોઃ લોખંડ, સ્ટીલ અને રાસાયણિક ઉત્પાદનો પર શૂન્ય ટેરિફનો પ્રસ્તાવ છે. આનાથી બાંધકામ અને ઔદ્યોગિક ક્ષેત્રો માટે કાચા માલના ભાવ ઘટશે, જેનાથી ઘર બનાવવાનું કે ઔદ્યોગિક માલ ખરીદવાનું સસ્તું થશે.

ઓટોમોબાઈલ સેક્ટરમાં રાહતઃ

યુરોપિયન કારઃ EU થી ભારતમાં આવતી લક્ઝરી કારો પર હાલ ૧૦૦ ટકાથી વધુ ટેરિફ વસૂલવામાં આવે છે જેને તબક્કાવાર ઘટાડીને માત્ર ૧૦ ટકા કરી દેવામાં આવશે, પણ તે વાર્ષિક અઢી લાખ વાહનોના ક્વોટાની મર્યાદા રહેશે. આનાથી ભારતમાં લક્ઝરી મર્સિડીઝ, BMW કે ઓડી જેવી કારોના ભાવમાં ધરખમ ઘટાડો થશે.

ખાવા-પીવાની વસ્તુઓ પર થશે અસર

-ઓલિવ તેલ, માર્જરિન અને અમુક વનસ્પતિ તેલ પરના ટેરિફ ઘટાડવામાં આવશે અથવા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે.

-યુરોપના ફળોના રસ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ પર ટેરિફ શૂન્ય કરી દેવાશે જેથી તેના ભાવમાં મોટો ઘટાડો આવશે.

-બિયર પર ટેરિફ ઘટાડીને ૫૦ ટકા કરી દેવામાં આવશે

-વાઈન પર ટેરિફ ઓછો, હવે માત્ર ૨૦–૩૦% ટકા જ વસૂલવામાં આવશે, જેથી યુરોપના દેશોથી આવતો દારૂ સસ્તો થઈ જશે

-૯૦ ટકા વસ્તુઓ પર ટેરિફ સામાન્ય કરી દેવાશે

ભારતે યુરોપિયન યુનિયન માટે બજાર ખૂલ્યું મૂક્યું :

આ મધર ઓફ ઓલ ડીલથી ભારતે યુરોપિયન યુનિયન માટે બજાર ખૂલ્યું મૂક્યું છે. યુરોપથી આવતી ૯૦ ટકા વસ્તુઓ પર ટેરિફ ઓછામાં ઓછો અથવા તો શૂન્ય ટેરિફ લાગુ પડશે. આનાથી યુરોપિયન નિકાસકારોને વાર્ષિક આશરે ૪ બિલિયન યુરોની બચત થવાનો અંદાજ છે, જેનો સીધો ફાયદો ભારતીય ગ્રાહકો અને સ્થાનિક ઉદ્યોગોને સસ્તા ભાવો અને સારા ઈનપુટ ખર્ચના રૂપમાં થવાની સંભાવના છે.ભારતીય નિકાસકારોને થશે તગડો ફાયદો :આ વેપાર કરારથી માત્ર વસ્તુઓ સસ્તી થશે જ નહીં, પરંતુ ભારતીય કાપડ, ચામડા અને હીરા અને ઝવેરાતના વેપારીઓ માટે એક વિશાળ યુરોપિયન બજાર પણ ખુલશે. ભારતીય કપડાં પરનો ટેરિફ નાબૂદ થવાથી ભારત બાંગ્લાદેશ અને વિયેતનામને પાછળ છોડીને ટેક્સટાઈટલમાં નંબર વન નિકાસકાર બની શકે છે.

ગુજરાતના કયા કયા ઉદ્યોગોને થશે લાભ?

-ટેક્સટાઇલ અને એપેરલ (કાપડ ઉદ્યોગ)

-કેમિકલ્સ (રસાયણો)

-ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસ (દવાઓ અને તબીબી ઉપકરણો)

-એન્જિનિયરિંગ ગુડ્સ

-ઈલેક્ટ્રોનિક્સ

-જેમ્સ અને જ્વેલરી (હીરા અને ઝવેરાત)

ભારતને મળશે ૪૫૦૦ કરોડનું બજેટ :ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અનુસાર આવનાર બે વર્ષમાં ભારતમાં ગ્રીન હાઉસ અને ગેસ ઉત્સર્જનની અસરોને ઓછી કરવા યુરોપિયન યુનિયન મદદ કરશે જે માટે ૫૦૦ મિલિયન યુરો એટલે કે લગભગ ૪૫૦૦ કરોડ રૂપિયાની સહયોગ EU કરશે. EU ટ્રેડમાર્ક્સ, ડિઝાઈન્સ, કોપીરાઈટ અને ટ્રેડ સિક્રેટને મજબૂત કાયદાકીય રક્ષણ મળશે, ડિજિટલ વેપાર માટે એક ખાસ વ્યવસ્થા હશે, જેથી ઓનલાઈન કારોબાર સુરક્ષિત, નિષ્પક્ષ અને ભરોસાથી ભરેલો હશે. યુરોપના ૪૫ કરોડ લોકોના બજારમાં ભારતીય કંપનીઓની સીધી એન્ટ્રી થશે, ટેક્સ ઓછો થવાના કારણે ભારતની નિકાસ વધશે, જેની સામે યુરોપની કંપનીઓ ભારતમાં રોકાણ વધારશે, FDI વધશે, નિકાસ અને રોકાણના કારણે ભારતમાં રોજગારીની વધુ તકો ઊભી થશે, સપ્લાય ચેઈનમાં સુધારો થતાં ચીન પરની નિર્ભરતા ઘટશે.

વર્ષ ૨૦૨૫માં ભારત અને યુરોપ વચ્ચે કુલ ૧૩૬.૫૩ અબજ ડોલરનો વેપાર થયો. ભારતે ૬૦.૭ અબજ ડોલરનો સામાન આયાત કર્યો જ્યારે ૭૫.૯ અબજ ડોલરના સામાનની નિકાસ કરી. એવામાં ટ્રેડ ડીલમાં ટેરિફમાં ઘટાડો થતાં ઉપભોક્તા અને ઉત્પાદક બંનેને લાભ થશે. ભારત યુરોપથી હાઈ કેટેગરી મશીનરી, ઈલેક્ટ્રોનિક્સ, વિમાન, મેડિકલ ઉપકરણ વગેરે આયાત કરે છે. જ્યારે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, સ્માર્ટફોન, કાપડ, ફાર્મા પ્રોડક્ટ્સ, જ્વેલરી, લોખંડની નિકાસ કરવામાં આવે છે. એવામાં આ ડીલમાં ૯૦ ટકા સામાન પર ટેરિફ ઓછો અથવા નહિવત થઈ શકે છે. આ સેક્ટરમાં કામ કરતાં ઉદ્યોગો અને બિઝનેસમેનને તેનો મોટો લાભ મળશે. ભારત-યુરોપની સંયુક્ત પત્રકાર પરિષદમાં PM મોદીએ કહ્યું હતું કે, વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓએ આજે નવો અધ્યાય સ્થાપિત કર્યો. છેલ્લા ઘણાં વર્ષોથી ભારત અને યુરોપ વચ્ચેના સંબંધો મજબૂત થઈ રહ્યા હતા. આજે આ સંબંધોને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ. ભારતે આજે વિશ્વના સૌથી મોટા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ એગ્રીમેન્ટ સમૃદ્ધિની નવી બ્લૂપ્રિન્ટ છે. ભારત અને યુરોપની આ ડીલ ઈન્ટરનેશનલ સિસ્ટમને સ્થિરતા અને મજબૂતાઈ આપશે. આ સિવાય અમે યુક્રેન, પશ્ચિમ એશિયા, ઈન્ડો-પેસિફિક સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી.

### ચાંદીના ભાવ રેકોર્ડ સ્તરે

# ચીનની સરખામણીએ ભારતમાં ચાંદી ૧૭% સસ્તી

**આ તેજી વચ્ચે, એક હકીકત તમારે જાણવી જોઈએઃ ભારતમાં ચાંદી પડોશી દેશ ચીન કરતાં સસ્તી છે. ભારતમાં ચાંદીના ભાવ ૧૭ ટકા ઓછા છે**

નવી દિલ્હી,તા.૨૭

ચાંદીના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. વૈશ્વિક પુરવઠાની અછત અને ચીન દ્વારા લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધોને કારણે આ તીવ્ર વધારો થયો છે. ચીનમાં ચાંદી પ્રીમિયમ ભાવે વેચાઈ રહી છે, જ્યારે ભારતમાં કિંમતો ઓછી છે.સોના ચાંદીની કિંમતોએ પોતાના રેકોર્ડ પણ તોડી નાખ્યા છે. રોકાણકારો માટે આ ખુશીનો સમય રહ્યો છે. જોકે જેઓ લગ્ન માટે ચાંદીની તેઓ મુશ્કેલ પરિસ્થિતિમાં છે. આ તેજી વચ્ચે, એક હકીકત તમારે જાણવી જોઈએઃ ભારતમાં ચાંદી પડોશી દેશ ચીન કરતાં સસ્તી છે. ભારતમાં ચાંદીના ભાવ ૧૭ ટકા ઓછા છે. ચાંદીના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી $૧૦૯ પ્રતિ ઔંસથી ઉપર ટ્રેડ થઈ રહી છે. ૨૦૨૬ માં અત્યાર સુધીમાં, ચાંદીના ભાવમાં આશરે ૪૪ ટકાનો વધારો થયો છે, જ્યારે છેલ્લા ૧૨ મહિનામાં, તેમાં ૨૫૦ ટકાથી વધુનો મોટો વધારો જોવા મળ્યો છે. ચીનમાં, ચાંદી આંતરરાષ્ટ્રીય દર કરતાં પણ વધુ ભાવે વેચાઈ રહી છે, જ્યાં ચાંદીનો એક ઔંસ લગભગ $૧૨૫ સુધી પહોંચી ગયો છે.જો ભારતની તુલના કરીએ તો અહીં ચાંદી હજુ પણ સસ્તી છે. ભારતમાં ચાંદીનો ભાવ પ્રતિ ગ્રામ ૩૩૫ ની આસપાસ છે. ભારતમાં એક ઔંસ ચાંદી, અથવા આશરે ૨૮.૩ ગ્રામ, લગભગ ૯,૯૮૪ ની કિંમત ધરાવે છે, જ્યારે ચીનમાં તે જ ચાંદીની કિંમત લગભગ ૧૧,૪૫૦ ની કિંમત ધરાવે છે. આમ ભારત અને ચીનમાં ચાંદીના ભાવ વચ્ચે લગભગ ૨,૦૦૦ નો તફાવત છે, એટલે કે ભારતમાં ચાંદી લગભગ ૧૭% સસ્તી છે.ચાંદીના ભાવમાં આ વધારાનું સૌથી મોટું કારણ વૈશ્વિક પુરવઠાની અછત છે. વધુમાં, ચીનની નવી નીતિએ બજારમાં ઉથલપાથલ વધારી છે. ચીને ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ચાંદીના નિકાસ પ્રતિબંધો કડક કર્યા છે. કંપનીઓને હવે ચાંદીની નિકાસ કરવા માટે સરકારી લાઈસન્સની જરૂર પડશે અને આ નિયમ ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. આના પરિણામે ફક્ત મોટી, સરકાર દ્વારા માન્ય કંપનીઓ જ નિકાસ કરી શકશે, જ્યારે નાના નિકાસકારોને બાકાત રાખવામાં આવશે.વિશ્વના ચાંદીના પુરવઠામાં ચીન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૈશ્વિક પુરવઠાનો ૬૫% થી વધુ ભાગ ચીનમાંથી આવે છે. ચીન માત્ર ચાંદી માટેનું સૌથી મોટું વેપાર બજાર નથી પરંતુ બીજા ક્રમનું સૌથી મોટું ઉત્પાદક પણ છે. તેથી ચીની નિકાસ પર પ્રતિબંધ મૂકવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની ઉપલબ્ધતા ઘટી શકે છે, જેના કારણે ભાવમાં વધુ વધઘટ થઈ શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં શરૂ થતી ચીનની લ્યુનર ન્યુ યરની રજાઓ પણ બજાર પર અસર કરી શકે છે. લોકો ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થતી અને લગભગ એક અઠવાડિયા સુધી ચાલતી આ રજાઓ પહેલા ચાંદીનો સંગ્રહ કરવાનું વલણ ધરાવે છે. આનાથી માંગ વધે છે અને કિંમતો પર દબાણ આવે છે. હાલમાં ચીનમાં ચાંદીનો સ્ટોક પહેલેથી જ ઓછો છે અને પ્રીમિયમ ઊંચા છે, તેથી આની વૈશ્વિક ચાંદી બજાર પર સ્પષ્ટ અસર પડી શકે છે.

# ૧૩૦ વર્ષ જૂના ઐતિહાસિક જંક્શનના અસ્તિત્વ સામે જોખમ

**ભાવનગર રેલવે ડિવિઝન હેઠળ આવતું અને ૧૮૯૦ માં રાજવી ભગવતસિંહજી દ્વારા સ્થાપિત જેતલસર જંકશન આજે વહીવટી ઉપેક્ષાનો શિકાર બન્યું છે**

ભાવનગરતા.૨૭

ભાવનગર રેલવે ડિવિઝન હેઠળ આવતું અને ૧૮૯૦ માં રાજવી ભગવતસિંહજી દ્વારા સ્થાપિત જેતલસર જંકશન આજે વહીવટી ઉપેક્ષાનો શિકાર બન્યું છે. ગુજરાતના એકમાત્ર 'ફોરવે' જંકશન તરીકે ઓળખાતા આ સ્ટેશનના કર્મચારીઓની સામૂહિક બદલીના વિરોધમાં આજે જેતલસરના વેપારી મંડળ, ગ્રામજનો અને પૂર્વ કર્મચારીઓએ રેલવે પ્રશાસન સામે મોરચો માંડ્યો છે.

એક સમયે ૨૫૦૦ કર્મચારીઓ અને ૧૮ લાઈનો ધરાવતું આ જંકશન દેશના ગણ્યાગાંઠ્યા ૮ ફોરવે જંકશનોમાંનું એક છે. જોકે, તાજેતરમાં રેલવે વિભાગ દ્વારા મોટાભાગના સ્ટાફની બદલી કરી દેવામાં આવતા હવે માત્ર ૨૫૦-૩૦૦ કર્મચારીઓ જ બચ્યા છે. સરપંચ આરતીબેન સરવૈયા અને પૂર્વ સરપંચ મનુબેન વાંકે આક્ષેપ કર્યો છે કે આ બદલીઓને કારણે ૧૯,૦૦૦ ની વસ્તી ધરાવતું ગામ હવે ઉજ્જડ બની રહ્યું છે અને સ્થાનિક વેપાર-રોજગાર ભાંગી પડ્યા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, જેતલસર ખાતે ૯૭૦ રેલવે ક્વાર્ટર ઉપલબ્ધ છે, જેનું હાલ રૂ. ૭.૨૬ કરોડના ખર્ચે રિનોવેશન ચાલી રહ્યું છે. જો કર્મચારીઓ અહીં નહીં રહે તો આ સરકારી નાણાં પાણીમાં જશે. વધુમાં, રાજકોટ જેવા શહેરોમાં બદલી કરવાથી રેલવેએ વધુ એચ.આર.એ. ચૂકવવું પડે છે, જેનાથી તિજોરી પર દર મહિને લાખો રૂપિયાનું ભારણ વધે છે.

રેલવે પ્રશાસન દ્વારા જંકશનના વિકાસને બદલે વિનાશ કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે આજે સ્ટેશન માસ્તરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કેઃ જ્યાં સુધી કર્મચારીઓની બદલી રદ નહીં થાય ત્યાં સુધી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ ચાલુ રહેશે. આગામી તમામ ચૂંટણીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે. અહીં વિશાળ જગ્યા હોવા છતાં વોશિંગ ઘાટ કે ડીઝલ શેડ બનાવવાને બદલે તંત્ર દ્વારા લેવાયેલા નકારાત્મક નિર્ણયો સામે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### કેન્દ્ર સરકારે કહ્યું, કોઈની પણ સાથે ભેદભાવ નહીં થાય

# UGC વિવાદનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

**આ પ્રક્રિયામાં કોઈની પણ સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં અને કાયદાનો દુરુપયોગ અટકાવવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૭

યુજીસીના નવા નોટિફિકેશન સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા બન્યા છે, ત્યારે હવે આ વિવાદમાં કેન્દ્ર સરકારે એન્ટ્રી કરી છે.શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્પષ્ટતા આપતા તમામ અભ્યાર્થિઓને ખાતરી આપી છે કે, આ પ્રક્રિયામાં કોઈની પણ સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં અને કાયદાનો દુરુપયોગ અટકાવવામાં આવશે.કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'હું એક વાત ખૂબ જ નમ્રતાપૂર્વક સ્પષ્ટ કરવા માંગુ છું કે કોઈનું શોષણ થવા દેવામાં આવશે નહીં અને કોઈની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. ડિસ્ક્રિમિનેશનના નામે કોઈને પણ કાયદાનો દુરુપયોગ કરવાનો અધિકાર રહેશે નહીં, પછી તે યુજીસી હોય, ભારત સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, આ તેમની જવાબદારી રહેશે. હું આશ્વાસન આપું છું કે, જે પણ વ્યવસ્થા કરવામાં આવી છે તે બંધારણના દાયરામાં જ હશે. આ વિષય સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની વ્યવસ્થા છે, તેથી કોઈની પણ સાથે ભેદભાવ કે અત્યાચાર કરવામાં આવશે નહીં તેવી હું અપીલ અને ખાતરી કરું છું.'યુજીસી દ્વારા 'ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સમાનતાને પ્રોત્સાહન આપવાના નિયમો ૨૦૨૬' બહાર પાડવામાં આવ્યા છે. આ હેઠળ ચાર મુખ્ય આદેશો આપવામાં આવ્યા છે. (૧) દરેક યુનિવર્સિટી અને કોલેજમાં ઈક્વિટી કમિટી અને ઈક્વિટી સ્ક્વોડ્સની રચના કરવામાં આવશે. (૨) તમામ સંસ્થાઓમાં ચોવીસ કલાક હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણ સિસ્ટમ ઉભી કરવામાં આવશે. (૩) SC અને ST વર્ગના અભ્યાર્થિઓને સંસ્થામાં સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવામાં આવશે. (૪) જે સંસ્થાઓ આ નિયમોનું ઉલ્લંઘન કરશે તેમની માન્યતા રદ કરવામાં આવશે અથવા તેમના ફંડ પર રોક લગાવી દેવામાં આવશે.નોટિફિકેશનના નિયમ ૩(C) હેઠળ યુજીસી પર એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે, આ નિયમથી બિનઅનામત અભ્યાર્થિઓ અને શિક્ષકો સાથે જ્ઞાતિ આધારિત ભેદભાવ થયો છે. હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે, જેમાં કોર્ટમાં દાખલ કરાયેલી અરજી અનુસાર, યુજીસીની નવી વ્યાખ્યામાં જ્ઞાતિ આધારિત ભેદભાવ માત્ર એસસી, એસટી અને ઓબીસી કેટેગરી સાથે જ થાય છે તેવું દર્શાવવામાં આવ્યું છે અને જનરલ કેટેગરીના ઉમેદવારોની અવગણના કરવામાં આવી છે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે વાસ્તવમાં જનરલ કેટેગરીના ઉમેદવારોએ પણ જ્ઞાતિના આધારે સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

### શાહબુદ્દીન રાઠોડ બાદ હાજી રમકડુંએ જૂનાગઢને ગૌરવ અપાવ્યું

# પદ્મશ્રી મળતા જ હાજી રમકડુંનું નામ મતદાર યાદીમાંથી હટાવવા ભાજપ કોર્પોરેટરની અરજી

**મીર તરીકે જ ઓળખાય છે,જ્યારે મતદાર યાદીમાં આ જ વિસ્તારમાં 'હાજીભાઈ રાઠોડ' નામ શંકાસ્પદ જણાતા મેં નામ કમી કરવા માટે અરજી કરી હતી**

જૂનાગઢ,તા.૨૭

સૌરાષ્ટ્રની ધરતી પરથી પોતાની કલાના કામણ પાથરીને દેશ-વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરનાર હાજી કાસમ રાઠોડ ઉર્ફે 'હાજી રમકડું ને કેન્દ્ર સરકાર દ્વારા હજુ બે દિવસ પહેલા જ પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી પુરસ્કાર' માટે પસંદ કરવામાં આવ્યા છે. જોકે, આ ખુશીના માહોલ વચ્ચે જૂનાગઢમાં એક નવો વિવાદ ઉભો થયો છે.જૂનાગઢ મહાનગરપાલિકાના ભાજપના જ એક કોર્પોરેટરે હાજી રમકડુંનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે અરજી કરતા ખળભળાટ મચી ગયો છે.મળતી માહિતી મુજબ, ભાજપના કોર્પોરેટરસંજય મણવરે ચૂંટણી પંચનું 'ફોર્મ નંબર ૭' ભરીને હાજી કાસમ રાઠોડનું નામ મતદાર યાદી માંથી રદ કરવા માટે વાંધા અરજી કરી છે. એક તરફ કેન્દ્ર સરકાર તેમનું સન્માન કરી રહી છે, તો બીજી તરફ સ્થાનિક સ્તરે તેમના અસ્તિત્વ પર જ સવાલો ઉભા કરવામાં આવતા કલાકાર આહત થયા છે.પોતાના નામ સામે વાંધો ઉઠાવવામાં આવતા પદ્મશ્રી વિજેતા હાજી રમકડું ચોંકી ઉઠ્યા હતા. તેમણે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, "હું છેલ્લા ૭૦ વર્ષથી જૂનાગઢના વોર્ડ નંબર ૮ માં વસવાટ કરું છું. મારી તમામ ટપાલ અને સરકારી કાગળો આ જ સરનામે આવે છે. ભારત સરકાર અને ગુજરાત સરકારે મને એવોર્ડ આપીને સન્માનિત કર્યો છે, ત્યારે મારામાં શું કમી રહી ગઈ કે મારા નામ સામે વાંધા અરજી કરવી પડી?"

બીજી તરફ, આ વિવાદ ઉભો કરનાર ભાજપના કોર્પોરેટર સંજય મણવરે પોતાના બચાવમાં દલીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "હાજીભાઈના આધારકાર્ડમાં તેમની અટક 'મીર' છે અને તેઓ મીર તરીકે જ ઓળખાય છે. જ્યારે મતદાર યાદીમાં આ જ વિસ્તારમાં 'હાજીભાઈ રાઠોડ' નામ શંકાસ્પદ જણાતા મેં નામ કમી કરવા માટે અરજી કરી હતી."શાહબુદ્દીન રાઠોડ બાદ હાજી રમકડુંએ જૂનાગઢને ગૌરવ અપાવ્યું છે, ત્યારે એક નામાંકિત કલાકાર સાથે આવું વર્તન થતા રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસે ભાજપ પર પ્રહાર કરતા સવાલ ઉઠાવ્યો છે કે, "જો પદ્મશ્રી જેવા સન્માનિત કલાકારો સાથે આવું થઈ શકતું હોય, તો સામાન્ય પ્રજાની તો શું વિસાત?" હાલ આ મુદ્દો સમગ્ર સોરઠ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### મહાકાલ મંદિરમાં VIP દર્શન મુદ્દે સુપ્રીમ કોર્ટ

# મહાકાલના દરબારમાં બધા સમાન છે, ત્યાં કોઈ VIP હોતું નથી

**VIP અને લાગવગ ધરાવનાર હસ્તીઓ નિયમો તોડીને અંદર જવા દેવામાં આવે છે**

મધ્યપ્રદેશ,તા.૨૭

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સ્થિત વિશ્વપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં સામાન્ય લોકોના પ્રવેશને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે VIP દર્શન અને ગર્ભગૃહમાં પ્રવેશની વ્યવસ્થાને પડકારતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા SCએ સ્પષ્ટ કહ્યું છે કે, 'મહાકાલના દરબારમાં બધા સમાન છે, ત્યાં કોઈ VIP હોતું નથી.'સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, ગર્ભગૃહમાં કોણ પ્રવેશ કરશે અને કોણ નહીં, તેનો નિર્ણય લેવાનો અધિકાર માત્ર મંદિર પ્રશાસન અને જિલ્લા વહીવટી તંત્ર (કલેક્ટર) પાસે છે. કોર્ટે અરજદારને નિર્દેશ આપ્યો છે કે તેઓ પોતાની માંગણી મંદિર સમિતિ સમક્ષ મૂકે, આ સાથે કોર્ટએ પણ ટાંક્યું કે ધાર્મિક સ્થળોના આંતરિક નિયમો અને વ્યવસ્થામાં કોર્ટ દખલગીરી કરશે નહીં.અરજદારનો આરોપ હતો કે છેલ્લા અઢી વર્ષથી સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ગર્ભગૃહમાં પ્રવેશ બંધ રાખવામાં આવ્યો છે, પરંતુ VIP અને લાગવગ ધરાવનાર હસ્તીઓ નિયમો તોડીને અંદર જવા દેવામાં આવે છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે આ વ્યવસ્થા બંધારણના સમાનતાના અધિકાર (કલમ ૧૪)નું ઉલ્લંઘન છે. જેનો અરજદાર તરફથી પક્ષ રાખતા વકીલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, 'ગર્ભગૃહમાં કોને પ્રવેશ આપવો તે અંગે એક સમાન નીતિ હોવી જોઈએ. શું વ્યક્તિ વિશેષને ગર્ભગૃહમાં જવાની મંજૂરી છે? તમે VIP પ્રવેશની મંજૂરી આપી ન શકો અને જો આપો તો બીજાને વંચિત ન રાખી શકો ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૫માં મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચે પણ આવી જ એક અરજીને નકારી દીધી હતી, હાઈકોર્ટે પણ તે સમયે કહ્યું હતું કે ઉજ્જૈન જિલ્લા કલેક્ટર અને મંદિર પ્રશાસન જ આ અંગે અંતિમ નિર્ણય લઈ શકે છે.

મહાકાલ મંદિરમાં કોરોના મહામારીના સમયથી ગર્ભગૃહમાં સામાન્ય દર્શન બંધ છે. શ્રદ્ધાળુઓ હાલ બહારથી જ બાબા મહાકાલના દર્શન કરી શકે છે. જોકે, અવારનવાર VIP નેતાઓ અને મોટા અધિકારીઓના ગર્ભગૃહ પ્રવેશ દ્રશ્યો સામે આવે છે, જેથી સામાન્ય ભક્તોમાં રોષ જોવા મળે છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે મંદિરની વ્યવસ્થા જાળવવીએ વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટનું કામ છે. હવે જોવાનું એ રહેશે કે શું મંદિર પ્રશાસન આગામી સમયમાં નિયમોને વધુ પારદર્શક બનાવી સામાન્ય જનતા માટે ગર્ભગૃહના દ્વાર ખોલશે કે પછી હાલની વ્યવસ્થા જ ચાલુ રાખશે.

### ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત

# સાયલા-ચોટીલા હાઈવે પર ખાનગી બસ પલટી ગઇ

**ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઇજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢી સારવાર અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી**

સુરેન્દ્રનગર,તા.૨૭

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. સાયલાના હડાળા બોર્ડ નજીક એક ખાનગી લક્ઝરી બસ પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે, જે પૈકી ત્રણની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. હાલ સ્થાનિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદથી રાજકોટ તરફ જઈ રહેલી ખાનગી બસ હડાળા બોર્ડ નજીક ચાલકે કાબૂ ગુમાવતા અચાનક પલટી ગઈ હતી. અકસ્માતને પગલે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સાયલા, ચોટીલા અને ડોળિયા લોકેશનની ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢી સારવાર અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.તમામ ૧૫થી વધુ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓની ગંભીરતા જોતા ૦૯ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

ચિંતાજનક બાબત એ છે કે, સાયલા પંથકમાં છેલ્લા બે દિવસમાં આ બીજી મોટી અકસ્માતની ઘટના છે. જેમાં જુદી જુદી બે લક્ઝરી બસોને નડેલા અકસ્માતમાં અત્યાર સુધીમાં કુલ ૩૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

### લક્ઝરી કાર બેફામ હંકારી ત્રણ વાહનોને અડફેટે લીધા

# પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જેકોબ માર્ટિન ડ્રિંક એન્ડ ડ્રાઈવમાં થયા જેલભેગા

**૨૬ જાન્યુઆરી ૨૦૨૬ની મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે**

વડોદરા,તા.૨૭

વડોદરાના અકોટા વિસ્તારમાં ૨૬મી જાન્યુઆરીની રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભારતીય ટીમના પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જેકોબ માર્ટિને દારૂના નશામાં પોતાની લક્ઝરી કાર બેફામ હંકારી ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ની મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સોમવારે મોડી રાત્રે આશરે ૨.૩૦ વાગ્યાના સુમારે જેકોબ માર્ટિન પોતાની એમ.જી. હેક્ટર કાર કિંમત રૂ. ૨૦ લાખ લઈને પુનિત નગર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા. નશો એટલો તીવ્ર હતો કે તેમણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને રસ્તાની સાઈડમાં પાર્ક કરેલી કિયા સેલ્ટોસ, હ્યુન્ડાઇ વેન્યુ અને મારૂતી સેલેરીઓ એમ ત્રણ કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતનો અવાજ સાંભળી સ્થાનિકો દોડી આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ ૧૧૨ જન રક્ષક અને અકોટા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, જ્યારે જેકોબ માર્ટિનને કારમાંથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેઓ લથડિયાં ખાઈ રહ્યા હતા અને તેમની આંખો લાલચોળ હતી. પ્રાથમિક તપાસમાં જ તેઓ દારૂના નશામાં હોવાનું સ્પષ્ટ જણાતું હતું.અકોટા પોલીસે આ મામલે ગંભીરતા દાખવીને ડ્રિંક એન્ડ ડ્રાઈવ તેમજ અકસ્માત અંગે બે અલગ-અલગ ગુના નોંધ્યા છે. BNS કલમઃ ૨૮૧, ૩૨૪(૫) મોટર વાહન અધિનિયમઃ ૧૭૭, ૧૮૪, ૧૮૫, પ્રોહિબિશન એક્ટઃ ૬૬(૧)બી, પોલીસે તેમની ૨૦ લાખની કાર કબ્જે કરી છે. એક સમયે મેદાન પર ચોગ્ગા-છગ્ગા ફટકારનાર ખેલાડી આજે કાયદાના શરણેછે, જેરમત જગત માટે શરમજનક ઘટના માનવામાં આવી રહી છે.

# બાબરા ખાતે પ્રજાસત્તાક દિને પાલિકા પ્રમુખનાં વરદહસ્તે ધ્વજવંદન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



ભારતના ૭૭માં પ્રજાસત્તાક પર્વની સમગ્ર દેશ સાથે બાબરા શહેરમાં પણ અત્યંત ઉત્સાહ અને દેશભકિત સભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. બાબરા નગરપાલિકા દ્વારા આયોજિત આ ગૌરવશાળી પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ કરકરના હસ્તે સન્માનપૂર્વક ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ અવસરે બાબરા શહેર જાણે દેશભકિતના રંગે રંગાયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. કાર્યક્રમ દરમિયાન પ્રમુખે પ્રાસંગિક ઉદ્બોધન કરતા ભારતના બંધારણનું મહત્વ સમજાવ્યું હતું અને શહેરના વિકાસ તેમજ રાષ્ટ્રની ઉન્નતિ માટે સૌને કટિબધ્ધ થવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર આર.બી. વેકરિયા, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, ભૂપતભાઈ બસિયા સહિત નગરપાલિકાના સદસ્યઓ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, યાર્ડના વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડિયા, રમજાનભાઈ જીવાણી સહીત સ્થાનિક અગ્રણીઓ તેમજ પાલિકાનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં નગરજનો અને દેશપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ 'ભારતમાતા કી જય' અને 'વંદે માતરમ' ના નારાથી ગુંજી ઉઠ્યું હતું. નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી આ સુવ્યવસ્થિત ઉજવણીએ નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની નવી ચેતના જગાવી હતી.

### આજથી વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ

## ચિત્તલનાં પત્રકાર હર્ષદ ત્રિવેદીનાં પૌત્ર ચિ. હિતાર્થનાં કાલે યજ્ઞોપવિત સંસ્કાર

**રાજકીય, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે**




અમરેલી, તા. ૨૭

ચિત્તલના આગેવાન પ્રતિષ્ઠિત પત્રકાર હર્ષદ ત્રિવેદીના પરિવારના આજથી યજ્ઞોપવિતનો ભવ્ય કાર્યક્રમ યોજાશે હર્ષદભાઈના પુત્ર પ્રિયંક ત્રિવેદીના પુત્ર તેમજ કશ્યપ ત્રિવેદી, મયુર ત્રિવેદીના ભત્રીજા ચિ. હિતાર્થની યજ્ઞોપવિતમા આજે તા. ૨૮/૧ બુધવારના રોજ મંડપ મૂર્હત ૭ વાગે (૯) વાગે ગૃહશાંતિહવન બપોરે ૩ કલાકે રૂડા મામેરા સાંજના ૬ કલાકે પીઠી તેમજ રાત્રે ૯ કલાકે રાસની રમઝટ યોજાશે. બીજા દિવસે તા. ૨૯/૧/૨૬ ગુરૂવારે કાશીયાત્રા તેમજ રણછોડભાઈ ડેલામાં બપોરે ૧૧ : ૩૦ કલાકે ભોજન સમારંભ યોજાશે તે અંગેના દરેક સગા - વ્હાલા આગેવાનો આમંત્રિતોને આમંત્રણ અપાયા છે તેઓ ચિ. હિતાર્થને આર્શીવચન આપવા હાજર રહેનાર છે. તેમ પ્રિયંક ત્રિવેદી તથા મયુર ત્રિવેદીની યાદીમાં જણાવાયુ છે.

### ૭૭માં પ્રજાસત્તાકદિનનાં રાષ્ટ્રીય પર્વે

## બાબરા ખાતે પાલિકા દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ફુડ પેકેટનુ વિતરણ

**પાલિકાનાં સત્તાધીશો અને કર્મચારીઓનો સેવાયજ્ઞ**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

સમગ્ર દેશ જયારે ૭૭મા પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યો છે, ત્યારે બાબરા નગરપાલિકા દ્વારા આ રાષ્ટ્રીય પર્વની અનોખી અને સેવાકીય રીતે ઉજવણી કરવામાં આવી હતી. નગરપાલિકા પ્રશાસન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વસતા ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે 'ફૂડ પેકેટ વિતરણ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬મી જાન્યુઆરીના પાવન અવસરે નગરપાલિકા દ્વારા માત્ર ધ્વજવંદન પૂરતી મર્યાદિત ઉજવણી ન રાખી, સમાજના છેવાડાના માનવી સુધી સુખ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના પછાત અને જરૂરિયાતમંદ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સમાજના દરેક વર્ગને સહભાગી બનાવવાનો હતો. નગરપાલિકાની આ સામાજિક જવાબદારી અને માનવતાવાદી અભિગમને શહેરના પ્રબુધ્ધ નાગરિકો અને લાભાર્થીઓ દ્વારા ભારોભાર પ્રશંસા મળી હતી. તહેવારોના સમયે નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી આ પહેલ અન્ય સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રજાસત્તાક પર્વે ધ્વજવંદન થયુ




અમરેલી, તા. ૨૭

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતાના શિક્ષણ માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૭૭મુ પ્રજાસત્તાક પર્વ ઉત્સાહ અને દેશભાવનાના માહોલમાં ઉજવાયું.

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઉત્સવો ઉજવી બાળકોમાં રાષ્ટ્રભાવના અને ભારતીય વિરાસતનો પ્રેમ નિર્માણ થાય તે માટે હર હંમેશ પ્રયત્નશીલ છે.૨૬મી જાન્યુઆરી ૨૦૨૬ પ્રજાસત્તાક પર્વ ખૂબ જ ઉમંગ, ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમના વાતાવરણમાં ઉજવવામાં આવ્યું. દેશની આન, બાન અને શાન એવા ત્રિરંગોને સલામી આપી, રાષ્ટ્રગાનથી દેશભાવના વ્યકત કરી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષણગણ અને સંચાલક તથા આમંત્રિત મહેમાનો જોડાયા હતા. આ પ્રસંગે શાળાના પટાંગણમાં મીટ્ટી કિ ખુશ્બુ નામે એક પર્યાવરણ અને દેશ ભકિત પ્રદર્શનનું આયોજન કરેલ છે.ધ્વજ વંદન અતિથિ વિશેષ અનિલભાઈ વેકરિયા, સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળી બગસરાના ચેરમેનને હસ્તે કરાવવામાં આવેલ આ પ્રસંગે ભાનુભાઈ કિકાણી તેમજ સંવેદન ગ્રુપના અગ્રણી વિપુલભાઈ ભટ્ટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ આજના પર્વનું મહત્વ સમજી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા અને સારા નાગરિક બની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરવા આહવાન કર્યુ હતું. તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રસંગને અનુરૂપ તેમજ દેશભકિત ગીતો રજુ કર્યા હતા. સમગ્ર સંસ્થા દેશભકિતના રંગે રંગાઈને ઉત્સાહ ભેર પ્રસંગ ઉજવ્યો હતો.

## ઉંટવડ પ્રાથમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી



બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાના ઉંટડવ ગામે પ્રાથમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉંટવડ પ્રાથમિક શાળામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાની દિવ્યાંગ વિદ્યાર્થીની હાફઝ બલદાણીયાના શુભ હસ્તે ધ્વજ ફરકાવ્યા બાદ બાબરા તાલુકા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ ભરતભાઈ બુરાણીના અધ્યક્ષસ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બાળકો દ્વારા દેશભકિત ગીત, નાટક, અભિનય ગીત અને પીરામીડ જેવી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે ઈનામ વિતરણ અને વકતવ્યના કાર્યક્રમો પણ યોજાયા હતા અને આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય તથા તમામ શિક્ષક ભાઈ–બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી જે દરમિયાન ગામના આગેવાનો, દાતાઓ અને મોટી સંખ્યામાં વાલીગણ હાજર રહ્યા હતા.

### પાલિકાની ચુંટણીને લઈને સોંપાઈ જવાબદારી

## અમરેલી શહેર કોંગ્રેસપક્ષનાં પ્રમુખ તરીકે પુર્વ નગરસેવક સંદિપ ધાનાણીની વરણી

**પાલિકાની ચુંટણીમાં સફળતા મેળવવો પહેલો પડકાર**



અમરેલી, તા.૨૭

અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે પુર્વ નગરસેવક સંદિપ ધાનણીને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા એ જવાબદારી સોંપી છે.

આગામી દિવસોમાં આવી રહેલ અમરેલી પાલિકાની ચુંટણીમાં કોંગ્રેસપક્ષને સફળતા અપાવવાનાં ધ્યેય સાથે નવનિયુકત પ્રમુખે કામગીરીનો પ્રારંભ કરેલ છે.

તેઓની વરણીને જિલ્લાભરનાં કોંગી આગેવાનો

## બાબરાના પીઢ પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાંટબારનું ૯૦ વર્ષની વયે નિધન



બાબરા, તા. ૨૭

બાબરા પંથકની જૂની પેઢીના જાણીતા પત્રકાર અને રાષ્ટ્રપ્રેમી વ્યકિતત્વ ધરાવતા ઉમગરાય હરિદાસ છાટબાર (ઉં.વ. ૯૦) નું અવસાન થયેલ છે. તેઓ દિવ, દમણ અને ગોવા મુકિત આંદોલનના સક્રિય લડવૈયા અને સ્વાતંત્ર્ય સેનાની હતા.

તેઓ પત્રકાર ચિતરંજનભાઈ છાટબાર તેમજ મહેશભાઈ છાટબાર અને સ્વ. રાજેન્દ્રભાઈના પિતાશ્રી થાય છે.

બાબરા પંથકમાં તેઓ એક પીઢ અને નિષ્ઠાવાન પત્રકાર તરીકે વર્ષો સુધી કાર્યરત રહ્યા હતા, જેના કારણે પત્રકારત્વ ક્ષેત્રે અને સામાજિક વર્તુળમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

તેમની સ્મશાન યાત્રા આવતીકાલે તારીખ ૨૮/૧/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન, 'સિદ્ધિવિનાયક સોસાયટી,' બાબરા ખાતેથી નીકળશે.

## કતારગામ : ગજેરા ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન



અમરેલી, તા. ૨૭

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટ ૧૯૯૩થી સતત શિક્ષણ, સ્વાસ્થ્ય, સમાજસેવા અને પર્યાવરણ જતન ક્ષેત્રે સેવાકીય કામ કરતી સંસ્થા છે. છેલ્લા ૩૩ વર્ષથી ટ્રસ્ટ દ્વારા વર્ષમાં બે વખત ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના દિવસે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આના ઉપક્રમે તારીખ ૨૪/૧/૨૬ને શનિવારે ગેજરા વિદ્યાભવન કતારગામ ખાતે કિરણ હોસ્પિટલના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ મહેમાનો અને રકતદાતાઓને આવકાર્યા હતા. રકતદાન કેમ્પમાં રકતદાતાઓનો ઉત્સાહ વધારવા વિશેષ મહેમાનો મેયર ડો. જગદીશભાઈ પટેલ, ન્યુરોસર્જન ડો. હિતેષ ચિત્રોડા, સૂચી હોસ્પિટલના એમ.ડી. ડો. ઘનશ્યામભાઈ પટેલ, એસ.એમ.સી. નોર્થ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશભાઈ ખત્રી, મનોચિકિત્સક ડો.બીના ગુજ્જર, ડેનટીસ્ટ ડો. નિકુંજ પટેલ, ઈમ્યુન ચિલ્ડ્રન હોસ્પિટલના ડો. ચંદ્રેશ પાનેલીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ રકતદાન શિબિરનો મુખ્ય હેતુ જરૂરિયાત મંદ દર્દીઓ માટે રકતની ઉપલબ્ધતા વધારવાનો હતો. જેમાં ગજેરા વિદ્યાભવનના વાલીઓ, લક્ષ્મી ડાયમંડના કર્મચારીઓ અને શાળાના કર્મચારીઓ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૩૩ યુનિટ બ્લડ એકત્રિત કરીને એક ઉમદા કાર્ય ગજેરા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ તમામ રકતદાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

# વડિયાની સરદાર પટેલ વિદ્યાલયમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી કરાઈ






વડિયા સરદાર પટેલ વિદ્યાલયમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે વડીયા બેન્કઓફઈન્ડિયાના મેનેજર દેવદાસ કુમારના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું . ત્યારબાદ દીપ પ્રાગટયમાં સ્કૂલના ટ્રસ્ટી કાન્તાબેન ગણાત્રા શીતલબેન ગણાત્રા તેમજ ભુપેન્દ્રભાઈ કલ્યાણી તેમજ વાલી તેમજ સમગ્ર સ્ટાફના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું . ત્યારબાદ અતિથિ વિશેષ દેવદાસ કુમારનું પુષ્પગુચ્છ આપી મિતુલભાઈ ગણાત્રાએ સ્વાગત કર્યું હતં. ત્યારબાદ બાળાઓએ સ્વાગત ગીત રાજુકર્યું હતું. ત્યારબાદ શાળાના ધોરણ પ્લે હાઉસથી ૮ના નાના નાના ભૂલકાઓ ધ્વારા અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં દેશભક્તિના ડાન્સ સાથે, સ્ત્રી શક્તિ, દીકરીનું મહત્વ, ભૂખ અને ગરીબી હટાઓ, અમદાવાદ પ્લેન ક્રેશ, આઝાદી કબ મિલેગી, હનુમાન ચાલીશા, અને પિરામિડ, રજુ કરવામાં આવ્યા. દરેક કૃતિએ વાલીઓ અને મહેમાનો મંત્રમુગ્ધ કરી દીધા હતા. દરેક કૃતિઓની પાછળ સરદાર પટેલ વિદ્યાલયના સમગ્ર સ્ટાફ અશ્વિનભાઈ હિરાણી, હરેશભાઈ તળાવીયા, પારૂલબેન ગણાત્રા, મોનાબેન ઉનડકટ, રશ્મિબેન રાખોલીયા, ધર્મિષ્ઠાબેન લાખાણી, અમિષાબેન ડોબરીયા, સુરભીબેન સાવલીયા, તમામની તનતોડ મહેનતથી સરદાર પટેલ વિદ્યાલયના બાળકો ખુબ સરસ પર્ફોર્મન્સ આપ્યું હતું. તમામ પર્ફોમન્સનો શ્રેય તમામ શિક્ષકો તેમજ સરદાર પટેલ વિદ્યાલયના એચઓડી હેતલબેન સાદરાણીને રહે છે. તેવી યાદી સરદાર પટેલ વિદ્યાલયના ટ્રસ્ટી મિતુલભાઈ ગણાત્રાની યાદી.

# અમરેલીનાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે વસંતોત્સવ-૨૦૨૬ની ઉજવણી કરાઈ



અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત સ્કૂલ, કોલેજ અને હોસ્ટેલના સંયુકત ઉપક્રમે વસંતોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કેબિનેટ કક્ષાના મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્રે કાર્યરત અનેક મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે શિક્ષણપ્રેમી, રમતવીરો તથા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ વિશેષ રૂપે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ કર્યું હતું. સંસ્થાનો ટૂંકમાં પરિચય આપતાં તેમણે જણાવ્યું હતું કે સંસ્થા માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું સીમિત નથી, પરંતુ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના દ્રષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રમતગમત, સાંસ્કૃતિક અને સાહિત્યિક ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને આગળ વધારવામાં આવી રહ્યા છે. સંસ્થા વિદ્યાર્થીઓમાં સંસ્કાર, જીવનમૂલ્યો અને સામાજિક જવાબદારીના ગુણો વિકસાવી સમાજને સશકત બનાવવા સતત પ્રયત્નશીલ છે. આ પ્રસંગે નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કરનાર તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓ તેમજ ગત બોર્ડ પરીક્ષામાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બંને મંત્રીઓ અને ધારાસભ્યએ સંસ્થામાં વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવી રહેલા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે જાણકારી મેળવી પ્રશંસનીય ઉદબોધન આપ્યું હતું. તેમણે અમરેલી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વસંતભાઈ ગજેરાનું વિશિષ્ટ યોગદાન તેમજ વાલીઓનો સંસ્થા મેનેજમેન્ટ પરનો વિશ્વાસ જિલ્લા વિકાસ માટે મજબૂત પાયો પૂરૂં પાડે છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ મંડળના સભ્યો, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ, સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે વિશેષ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સૂર સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પિરામિડ, સેલ્ફ ડિફેન્સ જેવી અનેકવિવિધ સ્ટેજ કૃતિઓ દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર, તમામ પ્રિન્સિપાલઓ, સુપરવાઈઝરઓ તેમજ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફે ખૂબ જ નિષ્ઠાપૂર્વક જવાબદારી ઉઠાવી હતી. અંતમાં મંત્રીઓ તથા ધારાસભ્યએ સમગ્ર આયોજન બદલ સંસ્થા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં હિંડોરણા ગામનાં

કડિયાળી ગામના પાટીયા પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન બેફિકરાઈથી ચલાવી મનસુખભાઈના મોટર સાયકલને અડફેટે લઈ અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી અજાણ્યો વાહન ચાલક પોતાનુ વાહન લઈ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી શાસ્ત્રી સ્વ. ગોપાલજીભાઈ ગૌરીશંકરભાઈ મહેતા (ઈંગોરાળાવાળા) ના ધર્મપત્ની હીરાબેન (ઉ.વ. ૮૮) તે રમેશભાઈ (બાબરા નિવૃત્ત મામલતદાર ઓફીસ), મહેશભાઈ (નિવૃત્ત ના.પુ.નિ. અમરેલી), પ્રવીણભાઈ, વિનોદભાઈ, જનકભાઈ, ઉષાબેન (ઉપલેટા), જયશ્રીબેન (ભાવનગર) વાળાના માતુશ્રીનું તા. ૨૬ સોમવારના રોજ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૨૯ ગુરૂવારના રોજ બપોરે ૩ થી સાંજનાં ૬ સુધી લીલીયા રોડ, શ્યામનગર, ઓમકારેર મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૮ | ૧૫૮૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૮૦ | ૬૯૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૫૫૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ૩ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૯૫ |
| ૪ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૧૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૧૭૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૯૫ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૫૪૦ |
| ૮ | બાજરો | ૩૩૫ | ૬૩૦ |
| ૯ | જુવાર | ૧૩૨૦ | ૧૩૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૨૫ |
| ૧૨ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૧૩ | મગ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૧૪ | અડદ | ૬૫૦ | ૧૫૦૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૭૫ |
| ૧૬ | તુવેર | ૯૬૦ | ૧૬૦૫ |
| ૧૭ | વાલ | ૧૧૦૫ | ૧૧૪૦ |
| ૧૮ | કપાસ | ૧૦૦૦ | ૧૬૬૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૨૦ | જીરૂ | ૩૦૦૦ | ૪૫૫૦ |
| ૨૧ | ધાણી | ૧૫૦૫ | ૨૦૦૦ |
| ૨૨ | અજમા | ૧૯૨૫ | ૨૦૦૦ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૧૦૯૦ |
| ૨૪ | રજકાનુ બી | ૨૫૦૦ | ૬૫૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૧૧૯૦ | ૬૪૦૦ |
| ૨૬ | નવી ધાણી | ૧૪૪૫ | ૧૮૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## ગરીબોનાં હક્કનાં અનાજનો

એક લાખ ઓગણીસ હજાર ચોખા અને ઘઉંનો જથ્થો નાયબ મામલતદાર પાઠક અને તેની ટીમ દ્વારા અચાનક રેડ પાડી પકડી પાડેલ છે. આ જથ્થો સાવરકુંડલા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી રેશનકાર્ડ ધારકો પાસેથી તેમના રેશનકાર્ડમાં મળતા એકઠો કરીને આ સ્થળે જમા કરવામાં આવ્યો હોવાનુ અનુમાન લગાવાય રહ્યું છે. સમગ્ર વિગત સાથે ભારે હડકંપ મચી ગયો હતો. વધુ તપાસ ચાલી રહી છે વધુ વિગતની રાહ જોવાય રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાળકી ઉપર સિંહણનો હુમલો

ઈંગોરાળાથી ભીંગરાડ ગામ વચ્ચે વન્યપ્રાણી સિંહણે કપાસ વિણતી ૧૪ વર્ષની બાળકી પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતાં પ્રથમ સ્થાનિક દવાખાને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લાઠીના ઈંગોરાળાથી ભીંગરાડ ગામ વચ્ચે વન્ય ખેતરમાં કામ કરી રહેલાં એક પરપ્રાંતિય મજૂરની રૂખીના કેદુભાઈ નામની ૧૪ વર્ષની દીકરી ગઈકાલે ખેતરમાં કપાસ વિણતી હતી. ત્યારે કપાસનાં પાકમાં છુપાઈને બેઠલ એક સિંહણે આ બાળકી પર હુમલો કરી બન્ને પગે ઈજાઓ પહોંચાડી ગંભીર ઈજા પહોંચાડતાં પ્રથમ સ્થાનિક દવાખાને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનવાની જાણ વનવિભાગને થતાં ઘટનાં સ્થળે દોડી જઈ સિંહણનું પગેરૂ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૫૦ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં | ૫૧૨ | ૫૧૨ |
| ૩ | તુવેર | ૧૪૧૪ | ૧૫૫૫ |
| ૪ | ધાણા | ૧૭૧૫ | ૧૮૩૧ |
| ૫ | અડદ | ૯૫૧ | ૧૦૦૧ |
| ૬ | તલ | ૧૫૦૦ | ૧૭૭૦ |
| ૭ | શીંગદાણા | ૧૩૫૦ | ૧૫૦૧ |
| ૮ | સોયાબીન | ૯૦૦ | ૧૦૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૨ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૫૨ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૧૨ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૩૦૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૫૬૭ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૮૦ |
| ૧૦ | મગ | – | ૨૯૫૦ |
| ૧૧ | અડદ | ૬૫૦ | ૯૭૫ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૧૩ | તુવેર | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૨૦ | ૧૨૯૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૭૬૫ |
| ૧૬ | સોયાબીન | ૯૦૦ | ૧૦૩૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં વેપારીનાં ક્રેડિટ કાર્ડમાંથી

રહેતાં ચેતનભાઈ જીવનભાઈ બાંભણીયા નામનાં ૩૬ વેપારીના વોટ્સએપ નંબર ઉપર ગત તા. ૬ના રોજ કોઈ અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી એક મેસેજ આવેલ અને જેમાં એક Parivahan sewas.apk નામની એપ્લીકેશન હોય જે મેસેજ વેપારીએ ચાર-પાંચ દિવસ બાદ જોયેલ હતો. જેમાં આ વેપારીનાં ટ્રેકટરના નંબર હોય જેથી તે વેપારીએ તે એપ્લીકેશન ઈન્સ્ટોલ કરેલ હતું.

બાદમાં ગત તા. ૧૪ના રોજ આ વેપારીના મોબાઈલ નંબર ઉપર ટેકસ મેસેજ આવેલ હતો. જેમાં વેપારીના આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના ક્રેડીક કાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦ કપાયેલ હતાં. જેથી વેપારીએ તેના મોબાઈલમાંથી ફલીપકાર્ટ એપ્લીકેશન ખોલેલ હતી અને ઓર્ડરમાં જઈ બીલ જોયેલ તો આ Apple iPhone 17 (mist Blue, 256 GB) IMEI 355216988407121 તથા Apple iPhone 17 (Black, 256 GB) IMEI 352417456166313થી કુલ બે આઈફોન કિંમત રૂપિયા ૧,૬૬,૬૬૦ના ઓર્ડર આઈ.ડી. નં. OD436524111836567200 થી એડ્રેસ-૦૧ grpund iihmr university Maruti nagar, airport road Sanganer, sheopur, shiv Nagar, Jaipur 302029 Rajasthan phone-xxxxxxxxxx ઉપર ઓર્ડર અને ડીલીવર થઈ ગયેલ હતા.

જેથી વેપારીએ ચેક કરતા તેના ફોનમાં M Parivahan નામનું એપ્લીકેશન છુપી રીતે વાપરી આ એપ્લીકેશન વાળા તથા ઉપરોકત નંબરવાળાએ આ જાફરાબાદના વેપારી સાથે કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦નું સાયબર ફ્રોડ કરેલ હોય. જે અંગે જાફરાબાદ પોલીસમાં વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.


## :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના **બળેલ પીપરીયા** ગામે ગ્રામપંચાયત કચેરી-**બળેલ પીપરીયા** દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ પ્રાઈઝ | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જુનુ બાળ મંદિર (જુનુ આંગણવાડી કેન્દ્ર-૧૨૭) | ૦૪/૦૨/૨૦૨૬ | સવારે ૧૧ : ૦૦ કલાકે | રૂા. ૨૯૫૬/- (અંકે રૂપિયા બે હજાર નવ સો છપ્પન રૂપિયા પુરા) | ગ્રામ પંચાયત કચેરી બળેલ પીપરીયા તાલુકો બાબરા, જિલ્લો અમરેલી |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**તલાટી કમ મંત્રી**
**બળેલ પીપરીયા ગ્રામ પંચાયત**

**સરપંચ**
**બળેલ પીપરીયા ગ્રામ પંચાયત**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨ | કપાસ | ૯૫૦ | ૧૬૨૦ |
| ૩ | બાજરો | ૩૪૦ | ૬૨૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૭૦ |
| ૫ | જુવાર | ૭૫૦ | ૧૧૫૦ |
| ૬ | મગ | ૧૦૦૮ | ૨૧૨૫ |
| ૭ | અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૮ | તુવેર | ૧૩૫૦ | ૧૫૨૩ |
| ૯ | સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં ૬૦૦થી વધુ કર્મચારીઓએ

પર સહમતી બની હતી, પરંતુ કરાર છતાં હજુ સુધી તેની સરકારી અધિસુચના બહાર પાડવામાં આવી નથી.

૫ દિવસ બેંકિંગ માટે યુનિયનોની દલીલ છે કે અમે એક સંતુલિત કાર્યપ્રણાલી માંગી રહ્યા છીએ જેના બદલામાં દરરોજ ૪૦ મિનિટ વધારનું કામ કરવા પણ તૈયાર છીએ. હાલમાં મહિનામાં બીજા તથા ચોથા શનિવારે જ બેંક બંધ રહે છે, યુનિયન એવું ઈચ્છે છે કે સરકાર ૧૨ માં દ્વિપક્ષીય કરાર મુજબ બધા શનિવાર રજાની અધિસુચના તરત જ બહાર પાડે.

યુએફબીયુના નેજા હેઠળ અમરેલી ખાતે એસબીઆઈની નાગનાથ ચોક શાખાના કમ્પાઉન્ડમાં તમામ રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ દ્વારા નારા લગાવીને મેનેજમેન્ટ વિરોધ વ્યકત કર્યો હતો. જેમાં બેંક કર્મચારી આગેવાનો પ્રશાંતભાઈ ઠૂમ્મર (એસબીઆઈ), ધવલભાઈ ઉનડકટ (એસબીઆઈ), જયરાજભાઈ ખુમાણ (બીઓઆઈ), રાહુલભાઈ ત્રિવેદી (બીઓબી) સહિતના કર્મચારી, આગેવાનોના જોડાયા હતાં.

આજે અમરેલી શહેર સહિત જિલ્લાભરની સરકારી બેન્કોના ૬૦૦થી વધારે કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. જેના કારણે કરોડો રૂપિયાના રોકડ વહીવટ તથા કલીયરિંગ ઠપ્પ થઈ ગયું હતું. જેને લઈ ગ્રાહકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશકુમાર બી. તેરૈયા** એડવોકેટ-બાબરાના, તે અમારા અસીલ **શૈલેષભાઈ ધીરૂભાઈ કાનાણી** રે. : દેવળીયા મોટા, તા. બાબરા, જિ. અમરેલીની સુચના હાલની જાહેર નોટિસ આપીને, લાગતા-વળગતા તમામને જાણ કરીએ છીએ કે,

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના દેવળીયા મોટા મુકામે રે.સ.નં. : ૪૪ પૈકી ૨ બિનખેતી થયેલી જમીનમાં પાડવામાં આવેલ રહેણાંક હેતુ માટેના પ્લોટીંગમાં પ્લોટ નં. ૧૩ પૈકી ૨ કે જેનુ ક્ષેત્રફળ ૧૫૨.૧૭ ચો.મી. વાળી સ્થાવર મિલકત માલિક હકકથી ધરાવે છે. સદર મિલકત ગ્રામ પંચાયત કચેરી – દેવળીયા મોટા, તા. : બાબરાના ગામ નમુના નં. : ૨ માં અનુક્રમ નં. : ૧૩ પૈકી ૨ થી નોંધાયેલ છે. સદર સ્થાવર મિલકત અમારા અસીલે રજી. વે. દ. નં. : ૮૭૫ તા. ૦૩/૦૬/૨૦૨૪ ના રોજ ખરીદ કરેલ છે. સદર સ્થાવર મિલકતનો ઉપરોકત વિગતે સ્થળ ઉપર પ્રત્યક્ષ કબ્જો – ભોગવટો અમારા અસીલનો છે.

અમારા અસીલ સદર સ્થાવર મિલકત ઉપર ઉમા ક્રેડીટ કો.-ઓપરેટીવ સોસાયટી લી. – અમરેલીમાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમો એડવોકેટ પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગે છે.

ઉપરોકત વર્ણન કરેલ સ્થાવર મિલકતમાં કોઈપણ વ્યકિત કે પેઢી કે નાણાંકીય સંસ્થા કે સહકારી કે અર્ધ સરકારી બેંક કે ટ્રસ્ટનુ કોઈપણ પ્રકારનું લેણું – કરજ – બોજ – લાગભાગ – દરદાવો, વાંધા – તકરાર, હકક – હિસ્સા, ભરણપોષણનો હકક, વારસાઈ હકક, વેંચાણથી મળેલ માલીકી હકક, ભાડાપટ્ટો, ગીરો કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક – હિસ્સા, સદર સ્થાવર મિલકતમાં હોય, તો હાલની આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં લેખિત આધાર પુરાવા – દસ્તાવેજ સાથે જાણ કરવી. ઉપરોકત સમય મર્યાદામાં જો કોઈના કોઈપણ પ્રકારના વાંધા – તકરાર નહી આવે તો અગર વાંધા – તકરાર હોય, તો પણ સ્વેચ્છાપૂર્વક જતા (WAIVE) કરેલ છે, તેમ સમજી – માનીને, અમારા અસીલની તરફેણમાં સદર સ્થાવર મિલકત એટલે કે બાબરા તાલુકાના દેવળીયા મોટા મુકામે રે.સ.નં. : ૪૪ પૈકી ૨ બિનખેતી થયેલી જમીનમાં પાડવામાં આવેલ રહેણાંક પ્લોટ નં. ૧૩ પૈકી ૨ વાળી મિલકત સબંધે ટાઈટલ કલીયર રીપોર્ટ આપીશું અને અમારા અસીલ સદર સ્થાવર મિલકત મોર્ગેજ/ગીરોનો વ્યવહાર કરશે. મુદ્દત વિત્યા પછી કોઈના કોઈપણ પ્રકારના વાંધા – તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહિ, જેની લાગતા – વળગતાઓએ ગંભીર નોંધ લેવી.

**તારીખ : ૨૭/૦૧/૨૦૨૬**
**સ્થળ : બાબરા**
**૧૭, જલારામ કોમ્પ્લેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, જિ. અમરેલી**

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**
**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૯૦ | ૧૬૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૪૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૭૨ | ૧૫૪૮ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૦૫૫ |
| ૫ | જીરૂ | ૨૯૮૦ | ૪૫૦૦ |
| ૬ | ઘઉં | ૪૭૨ | ૫૩૮ |
| ૭ | તુવેર | ૧૦૩૨ | ૧૪૮૮ |
| ૮ | તલ સફેદ | ૧૫૯૦ | ૨૦૦૦ |

### જાફરાબાદનાં સરોવડા ગામની ઘટના

# મા તે મા : ગાયે વાછરડીને સિંહણની ચુંગાલમાંથી બચાવવા ભરપુર પ્રયાસ કર્યો

## જો કે ગાય વાછરડીને બચાવવા નિષ્ફળ રહી



અમરેલી, તા. ૨૭

'માં તે માં બાકી વગડાના વા' કહેવત મુજબ એક સિંહણ વાછરડાની પાછળ શિકાર કરવા માટે દોટ મુકે છે. ત્યારે પોતાનાં વાછરડાને બચાવવા માટે ગાય પણ જીવના જોખમે સિંહણ પાછળ દોટ મુકે છે. જાફરાબાદના સરોવડા ગામે આ આખી ઘટનાં સી.સી.ટી.વી.માં કેદ થઈ જવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદના સરોવડા ગામે શિકારની શોધમાં એક સિંહણ ઘૂસી આવી હતી. ત્યારે ગામની એક બજારમાં એક વાછરડી આંટાફેરા મારી રહી હતી ત્યારે સિંહણ સામે આવી જતાં સિંહણને જોઈ વાછરડી ત્યાંથી ભાગી છુટતાં આગળ વાછરડી, તેમની પાછળ વાછરડીના શિકાર માટે સિંહણ અને સિંહણ પાછળ વાછરડીને બચાવવા માટે વાછરડીની માતા ગાયએ દોટ મુકી હતી. આ દ્રશ્ય નાના એવા ગામના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા આ સમગ્ર ઘટનાં સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ જવાં પામેલ છે.

આમ પોતાનાં વાછરડાને સિંહણથી બચાવવાનો ગાયએ જીવની પણ પરવાહ કર્યો ના હતો. પરંતુ કમનસીબે આ ગાય સિંહણથી પોતાના વ્હાલસોયા બચ્ચાને બચાવી નહીં શકતાં આ સિંહણે આ વાછરડાનો શિકાર કરી ગામની મૃતપશુને બહાર લઈ જતી સીસીટીવીમાં કેદ થઈ હતી.

આ ઘટનાથી એ પણ સાબિત થાય છે કે માણસની જેમ પશુઓ પણ પોતાના વ્હાલસોયા બચ્ચાને બચાવવા માટે કયારેય કોઈ કદમ પાછળ નથી કરતી જરૂર પડે મોત સામે પણ ઉભી રહે છે.

### આધુનિક ટેકનોલોજીના યુગમાં વિકટ પરિસ્થિતિ જોવા મળી

# લીલીયા મોટા નજીક રેલ્વે ફાટકમાં ટેકનિકલ ફોલ્ટ સર્જાતા ટ્રાફિક સમસ્યા ઉભી થઈ

## અંતે મેન્યુઅલી ફાટક ખોલીને વાહનવ્યવહાર પૂર્વવત કરાયો





અમરેલી, તા. ૨૭

લીલીયા મોટા ખાતે રેલ્વે ફાટક ખોલવામાં ટેકનિકલ ફોલ્ટ સર્જાતા બંને બાજુ ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતાં રેલ્વે કર્મચારીઓએ મેન્યુઅલી ફાટક ખોલીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

વિગત એવા પ્રકારની છે કે લીલીયા મોટા નજીક ગારિયાધાર તરફ જતાં માર્ગ ઉપર આવેલ ફાટક નંબર – ૪૧ સી બંધ થયા બાદ ટેકનિકલ કારણોસર ન ખુલતા અને અંતે રેલ્વે કર્મચારીઓએ દેશી પધ્ધતીથી ફાટક ખોલીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનાં માર્ગદર્શનતળે જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા

# અમરેલી જિલ્લામાં સંગઠન સર્જન અભિયાન હેઠળ તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખની વરણી

## આગામી પાલિકા અને પંચાયતોની ચુંટણીને લઈને ધમધમાટ શરૂ

અમરેલી, તા. ૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ અને સંગઠન સર્જન અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં કોંગ્રેસ સંગઠનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે વિધાનસભા વિસ્તારવાર તાલુકા તથા શહેર કોંગ્રેસ પ્રમુખઓની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં અમરેલી જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસ પક્ષ પ્રત્યે સમર્પિત અને સક્રિય કાર્યકરોને જવાબદારી સાથે નિમણુંક સોંપવામાં આવી છે. જેમાં ધારી/ચલાલા/ બગસરા/ ખાંભા વિધાનસભા વિસ્તારના (૧) રવિભાઈ રાજેન્દ્રભાઈ વહાણી–ધારી શહેર પ્રમુખ (૨) દિલીપભાઈ મનસુખભાઈ સાવલિયા –ધારી તાલુકા પ્રમુખ (૩) અનિલભાઈ નરસિંહભાઈ શેખ–બગસરા શહેર પ્રમુખ (૪) અશોકભાઈ રમેશભાઈ ગોંડળીયા–બગસરા તાલુકા પ્રમુખ (૫) રમેશકુમાર ભીખુભાઈ કલસરીયા– ખાંભા તાલુકા પ્રમુખ તથા ૯૫–અમરેલી/વડીયા/ કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારનાં (૧) સંદીપભાઈ બાવચંદભાઈ ધાનાણી–અમરેલી શહેર પ્રમુખ (૨) વિપુલભાઈ વલ્લભભાઈ પોકીયા–અમરેલી તાલુકા પ્રમુખ (૩) સત્યમભાઈ ચંદુભાઈ મકાણી–કુંકાવાવ તાલુકા પ્રમુખ ૯૬–બાબરા/લાઠી/દામનગર વિધાનસભા મતવિસ્તારનાં (૧) ચિંતરંજનભાઈ ઉમંગરાય છાટંબર–બાબરા શહેર પ્રમુખ (૨) ધીરૂભાઈ કેશાભાઈ વહાણી–બાબરા તાલુકા પ્રમુખ (૩) સુરેશભાઈ લાલજીભાઈ ગોયાણી–



લાઠી શહેર પ્રમુખ (૪) કાળુભાઈ નારણભાઈ શેખડા–લાઠી તાલુકા પ્રમુખ ૯૭–સાવરકુંડલા / લીલીયા વિધાનસભા મતવિસ્તારનાં (૧) હર્ષદભાઈ ભાયલાલભાઈ સચુક (હસુભાઈ સુચક)–સાવરકુંડલા શહેર પ્રમુખ,(૨) નરેશભાઈ વિશ્રામભાઈ દેવાણી–



સાવરકુંડલા તાલુકા પ્રમુખ (૩) નીતિનભાઈ રમેશભાઈ ત્રીવેદી–લીલીયા તાલુકા પ્રમુખ ૯૮–રાજુલા/ જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના (૧) રવિભાઈ મનુભાઈ ધાખડા–રાજુલા શહેર પ્રમુખ(૨)ગાંગાભાઈ જીણાભાઈ હડીયા–રાજુલા તાલુકા પ્રમુખ (૩) હરેશકુમાર નાથાભાઈ બાંભણિયા–જાફરાબાદ શહેર પ્રમુખ (૪) અનિલભાઈ સનાભાઈ સાંખટ–જાફરાબાદ તાલુકા પ્રમુખ આ તમામ નિમણૂકો ધ્વારા આવનારી રાજકીય પ્રવૃત્તિઓ તથા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ સંગઠનને તળિયે સુધી મજબૂત બનાવવાનો હેતુ સાથે નવનિયુકત તાલુકા અને શહેરનાં પ્રમુખઓ પક્ષની નીતિ, કાર્યક્રમો અને જનહિતના મુદ્દાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડશે તેવો વિશ્વાસ સાથે સમસ્ત અમરેલી જિલ્લાનાં તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિમાં ખુશી અને ઉમંગનું વાતાવરણ સર્જાયેલ છે. અંતમાં જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત નવનિયુકત તાલુકા અને શહેર પ્રમુખઓને અભિનંદન સાથે શુભકામના પાઠવવામાં આવેલ છે.

### ગૌરક્ષા કરવામાં શાસકો નિષ્ફળ

# સાવરકુંડલામાં રખડતી ગાયએ ઓટો રીક્ષાને હડફેટે લીધી

## રીક્ષાનો આગળનો કાચ થયો કડડભુસ



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર ખોડીયાર ચોક વિસ્તારમાં એક રીક્ષા પસાર થતી હતી. ત્યાં અચાનક સામેથી એક ગાય આવતાં ગાય સીધી રીક્ષાને અથડાતાં રીક્ષાનો આગલો ફ્રન્ટ કાચના ભૂકકે ભૂકકા બોલી ગયા.! રીક્ષા ચાલકને કોઈ ઈજા થઈ નથી. એવુ પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. આમ રસ્તે રખડતા પશુઓ હવે રીક્ષાને પણ હડફેટમાં લેતા જોવા મળેલ.! જો કે કોઈ મોટું ભારે ટ્રક જેવું વાહન આવતું હોત તો ગાયની સ્થિતિ શું થાત? રીક્ષા ચાલકના કહેવા મુજબ પોતે ધીમી ગતિએ જ રોડ પર રીક્ષા ચલાવી રહ્યા હતા પરંતુ અચાનક ગાયે વચ્ચે આવતાં રીક્ષાનો કાચ કડડભૂસ થયો. આમ સાવરકુંડલા શહેરમાં રખડતા ઢોરનો શિકાર એક રીક્ષા બની ગઈ.!


**સંકુલ ગર્લ્સને વિનંતી**

**હોસ્ટેલની સલામતી વ્યવસ્થા - માતા પિતાને જાતે જણાવવા વિનંતી**

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ

સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 181


# ખાંભાની ખમીરવંતી ધરા ખાતે જિલ્લા કક્ષાના ૭૭માં ગણતંત્ર પર્વની ઉજવણી કરાઈ



ચલાલા–ખાંભા રોડ, જીઓ પેટ્રોલ પંપની સામે, ખાંભા મુકામે અમરેલી જિલ્લાકક્ષાના ૭૭માં પ્રજાસત્તાક પર્વ–દિનની ઉજવણી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. રાજયમંત્રીએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે માર્ચ પાસ્ટ અને પોલીસ પરેડ યોજવામાં આવી હતી. રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યુ હતું. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ ખાંભાની ખમીરવંતી ધરાના ઐતિહાસિક ગૌરવવંતા ઈતિહાસને યાદ કરીને જણાવ્યું હતું કે, સક્ષમ નેતૃત્વ થકી સંવેદનશીલતા, પારદર્શકતા, પ્રગતિશીલતા અને નિર્ણાયકતાના આધારસ્થંભ પર ગુજરાતે સાતત્યપૂર્ણ, સર્વસમાવેશક વિકાસ સાધ્યો છે. જેમાં અમરેલી જિલ્લો પણ વિકાસના પંથે આગળ ધપી રહ્યો છે. અમરેલી જિલ્લાની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતા રાજય મંત્રીએ કહ્યું કે, ડિજિટલ શિક્ષણને વેગ આપવા માટે જિલ્લામાં ૭૪૨ શાળાના ૨,૮૫૪ વર્ગખંડમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલી છે. જિલ્લામાં કુલ ૧૦ નવી સરકારી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. ''નમો લક્ષ્મી સ્કોલરશિપ'' યોજના હેઠળ કુલ ૧૫,૯૨૧ વિદ્યાર્થીઓને લાભ પહોંચાડવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાની આગવી ઓળખ એવો જાફરાબાદ દરિયાકિનારો મત્સ્ય ઉદ્યોગ વિકાસની વધુમાં વધુ સંભાવનાઓ ધરાવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન જિલ્લામાં માછીમારોને રૂ. ૮.૮૪ કરોડથી વધુની રકમની આર્થિક મદદ કરવામાં આવી છે. આજે પાણીની સમસ્યાઓ ભૂતકાળ બની છે તેમ જણાવતાં ઉમેર્યુ હતું કે, જિલ્લાના કુલ ૬૧૨ ગામ અને ૯ શહેરી વિસ્તારોમાં પાઈપલાઈન મારફત પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. જિલ્લામાં ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' હેઠળ અત્યાર સુધીમાં કુલ ૫૩ હજારથી વધુ આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. ''શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ'' હેઠળ સાડા ત્રણ લાખથી વધુ બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી છે. રાજય સરકારના ભગીરથ પ્રયાસો થકી જિલ્લામાં ગરીબ, વંચિત, દિવ્યાંગો સહિતનો વિકાસ થઈ રહ્યો છે. જિલ્લામાં છેવાડાના લાભાર્થી સુધી ''પ્રધાનમંત્રી આવાસ યોજના''નો લાભ પહોંચી રહ્યો છે. ગુજરાત પુનઃ પ્રાપ્ય ઉર્જાના વિકાસમાં તેજ ગતિએ આગળ ધપી રહયું છે. જિલ્લામાં ''પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના'' અન્વયે કુલ ૧૮ હજારથી વધુ ગ્રાહકો સોલાર રૂફટોપ વીજ જોડાણ ધરાવે છે. જિલ્લામાં બાગાયત કૃષિક્ષેત્રે સતત વિકાસ આગળ ધપી રહ્યો છે. પ્રાકૃતિક કૃષિ વાવેતર વિસ્તાર વધતા પરંપરાગત કૃષિ કરતા ખેડૂતોને પણ પ્રેરણા મળી રહી છે. આમ, દરેક ક્ષેત્રે જિલ્લામાં સતત અને અવિરત વિકાસકાર્યો આગળ ધપી રહ્યા છે. રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, ઓકટોબર–૨૦૨૫ માસમાં કમોસમી વરસાદની સ્થિતિના પગલે રાજય સરકારે વિશાળ હદય રાખીને રૂ. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ હતું. જેમાં જિલ્લામાં કુલ ૨.૨૩ લાખ ખેડૂતોને કુલ રૂ. ૭૪૯ કરોડથી વધુની સહાય રકમ વિના વિલંબ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. આ તકે રાજયમંત્રીએ જિલ્લાના સૌ નાગરિકોને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવીને ખાંભા તાલુકાના વિકાસ અર્થે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, નેશનલ રૂરલ ડેવલપમેન્ટ મિશન– જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આત્મા પ્રાકૃતિક કૃષિ પ્રોજેક્ટ, જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ, આઈ.સી.ડી.એસ ઘટક ખાંભા, જલ જીવન મિશન (વાસ્મો), પ્રાકૃતિક કૃષિ–આત્મા પ્રોજેક્ટ, સામાજિક વનીકરણ (સિંહની ડણક અને એક પેડ માં કે નામ), આયુષ્યમાન ભારત અને સીપીઆર– આરોગ્ય, શિક્ષણ, ૧૦૮ સેવા, નંદ ઘર, સખી વન સ્ટોપ સેન્ટર, રમશે ગુજરાત, જીતશે ગુજરાત–ખેલ મહાકુંભ, વોટરશેડ મેનેજમેન્ટ સહિતની કામગીરીની ઝાંખી કરાવતા કુલ ૧૧ ટેબ્લોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે રક્ષાશકિત સ્કૂલ ચલાલાની વિદ્યાર્થિનીઓએ દેશભકિત અને મહિલા શકિતના જૂસ્સાને પ્રદર્શિત કરતી ડમ્બેલ્સ કૃતિ, કે.પી. મહેતા હાઈસ્કૂલ, જાફરાબાદના વિદ્યાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિ પ્રદર્શિત કરતા આદિવાસી નૃત્ય, સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું અનેરૂં ટિપ્પણી નૃત્ય, સ્ટેટ યોગ બોર્ડ દ્વારા આદિયોગી–યોગાસન સહિતની દેશભકિત સભર સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિઓ નિહાળીને ઉપસ્થિત સૌ મંત્રમુગ્ધ બન્યા હતા. કાર્યક્રમમાં શ્રેષ્ઠ પરેડ, શ્રેષ્ઠ ટેબ્લો, શ્રેષ્ઠ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરનાર જૂથ–કચેરી–વિદ્યાર્થીગણને પ્રમાણપત્ર અને એવોર્ડ એનાયત કરીને તેમના ઉત્સાહમાં ઉમેરો કરવામાં આવ્યો હતો. રોડ અકસ્માત, રોડ સેફટી, ૧૦૮ ત્વરિત સેવા લાઈવ મોકડ્રીલનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું. આ અવસરે શિક્ષણ, રમત ગમત, ૧૦૮ સેવા, પોલીસ, આરોગ્ય, જિલ્લા માહિતી કચેરી સહિત વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા અધિકારી– કર્મચારીઓને અને રમતગમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગા સહિત પદાધિકારીઓ–અધિકારીઓ અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ જોષીએ કર્યુ હતું. ઉપરાંત આઈ.સી.ડી.એસ. ખાંભા, ફાયર સર્વિસ અમરેલીના સ્ટોલનું નિદર્શન યોજાયું હતું. જિલ્લા કક્ષાના ૭૭મા પ્રજાસત્તાક પર્વ ઉજવણી કાર્યક્રમમાં ખાંભા તાલુકાના પદાધિકારીઓ, હોદ્દેદારઓ, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, ધારી–ખાંભા પ્રાંત અધિકારી જાડેજા સહિત આરોગ્ય, પંચાયત, ખેતીવાડી, શિક્ષણ, પોલીસ, મહેસૂલ, નગરપાલિકા, વન, ૧૦૮ સેવા, ફાયર સેવા સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ, અગ્રણીઓ, પદાધિકારીઓ સહિતના મહાનુભાવો, વિદ્યાર્થીગણ, ખેલાડીઓ તેમજ નગરજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

